# કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ

અપડેટ કરેલ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ માટે જુઓ www.rblbank.com

# કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ

## આ એગ્રીમેન્ટ આરબીએલ બેંક લિમિટેડ અને કાર્ડ મેમ્બર વચ્ચે છે.

**1. વ્યાખ્યા**

1.1 આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડની ફાળવણી ઈચ્છતી વ્યક્તિ અરજદાર ગણાશે.

1.2 "આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ" અથવા "ક્રેડિટ કાર્ડ" અથવા "કાર્ડ" અથવા "કાર્ડ નંબર" નો અર્થ આરબીએલ બેંક લિમિટેડ દ્વારા ફાળવવામાં આવેલ કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ સહિત માન્ય ક્રેડિટ કાર્ડ થાય છે.(જે કાર્ડ મેમ્બરને પૂર્વ-નિર્ધારીત ક્રેડિટ મર્યાદા સાથે કાર્ડ એકાઉન્ટના ઉપયોગનો અધિકાર આપે છે)

1.3 "અતિરિક્ત ક્રેડિટ કાર્ડ" અથવા "એડ-ઑન ક્રેડિટ કાર્ડ"નો અર્થ પ્રાથમિક(મુખ્ય) કાર્ડ મેમ્બરની વિનંતી પર અતિરિક્ત કાર્ડ મેમ્બરને ફાળવવામાં આવેલ ક્રેડિટ કાર્ડ થાય છે.

1.4 "અતિરિક્ત કાર્ડ મેમ્બર"એટલે એવી વ્યક્તિ જે ભારતના નિવાસી છે અને પ્રાથમિક(મુખ્ય) કાર્ડ મેમ્બરના તત્કાલીન પરિવારના સભ્ય છે જેમ કે જીવનસાથી, ભાઈઓ, બહેનો, માતાપિતા અને બાળકો અને પ્રાથમિક કાર્ડ મેમ્બરની વિનંતી પર જેને અતિરિક્ત ક્રેડિટ કાર્ડ ફાળવવામાં આવ્યું છે તેમની વય 18 વર્ષથી વધુ છે અને જેમનો ચાર્જ પ્રાથમિક કાર્ય મેમ્બરના કાર્ડ એકાઉન્ટમાં ચાર્જને પાત્ર છે.

1.5 "બેંક, અમે, આપણે, આપણું" અથવા તે પ્રકારના સર્વનામનો અર્થ આરબીએલ બેંક, તેના ઉત્તરાધિકારીઓ, નીમાયેલ વ્યક્તિઓ, વહીવટદારો, લિક્વિડેટર, નોમિની વગેરે, લાગૂ પડતી સ્થિતિ પ્રમાણે થશે.

1.6 બે ક્રમિક બિલીંગ સ્ટેટમેન્ટની પ્રસ્તુતિ વચ્ચેનો ગાળો "બિલીંગ સાયકલ" ગણાશે.

1.7 "કાર્ડ મેમ્બર", "પ્રાઈમરી(પ્રાથમિક) કાર્ડ મેમ્બર", "મેમ્બર", "ગ્રાહક", તમે, તમારું, તે, તેનું અથવા તે પ્રમાણેના સર્વનામનો અર્થ જેના નામે કાર્ડ ફાળવવામાં આવ્યું છે તે અને જેના નામે કાર્ડ એકાઉન્ટ જાળવવામાં આવે છે તે વ્યક્તિ થશે.

1.8 "કાર્ડ એકાઉન્ટ" અથવા "એકાઉન્ટ" નો અર્થ પ્રાથમિક કાર્ડ મેમ્બરના નામમાં, નીચેના નિયમો અને શરતો અંતર્ગત બેંક દ્વારા જાળવવામાં આવતું એકાઉન્ટ થશે.

1.9 "કાર્ડ નંબર"નો અર્થ તમારા કાર્ડ પર છાપેલા વિશિષ્ટ 16 આંકડા થશે (તેમાં અતિરિક્ત ક્રેડિટ કાર્ડ જો કોઈ હોય તો, તેના કાર્ડ નંબરનો પણ સમાવેશ થાય છે).

1.10 "કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ" નો અર્થ અન્ય કોઈપણ એકમ સહિત વાણિજ્યિક/વ્યાપારી કાર્ય(કાર્યો)માં અન્ય મુદ્દા સાથે સંકળાયેલ એકમ સુધી સીમિત ન રહેતા બેંક દ્વારા અન્ય કોઈ એકમ સાથે જોડાણમાં ફાળવવામાં આવેલ ક્રેડિટ કાર્ડ થશે.

1.11 "ક્રેડિટ લિમીટ"નો અર્થ કોઈપણ સમયે બેંક સાથેના તમામ કાર્ડ એકાઉન્ટ્માં મેળવવા પાત્ર મહત્તમ ધિરાણ(ક્રેડિટ) થશે.

1.12 "ચાર્જીસ"નો અર્થ કાર્ડ મેમ્બર દ્વારા ચાર્જ સ્લીપ/ફોર્મના રેકોર્ડ પર સહી કરવામાં આવે કે ન આવે તે ધ્યાનમાં લીધા વગર આ એગ્રીમેન્ટ અંતર્ગત કાર્ડ એકાઉન્ટ પર કરવામાં આવેલ ટ્રાન્ઝેક્શન(લેવડદેવડ) અથવા ચાર્જ થશે. તેમાં સામાન/સેવાની ખરીદી, રોકડ એડવાન્સ, કાર્ડ અથવા કાર્ડ નંબરના ઉપયોગ દ્વારા એકાઉન્ટમાં થયેલ ડ્રાફ્ટ, વાર્ષિક ફી, ફાયનાન્સ ચાર્જ, ઓવર લીમિટ ફી, લેટ પેમેન્ટ ફી, ટ્રાન્ઝેક્શન ચાર્જ, સર્વિસ ચાર્જ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અને અન્ય કોઈપણ ફી/ચાર્જ/રકમ જે આ એગ્રીમેન્ટ અંતર્ગત કાર્ડ મેમ્બર દ્વારા બેંકને ચૂકવવા માટે મંજૂર કરવામાં આવી છે અથવા તે ચૂકવવાપાત્ર છે તેનો સમાવેશ થાય છે પરંતુ તે ત્યાં સુધી સીમિત નથી.

1.13 "કેશ વિથડ્રોઅલ લિમિટ(રોકડ ઉપાડ સીમા)"નો અર્થ થાય છે રોકડ અથવા રોકડ સમકક્ષ રકમ જે કાર્ડ મેમ્બરને મંજૂર કરવામાં આવી હોય બેંક અંતર્ગત તમામ કાર્ડ એકાઉન્ટ્સમાં નોન-પરચેઝ ટ્રાન્ઝેક્શનમાં(લેવડદેવડમાં) ઉપયોગ કરવા માટે.

1.14 "સીવીસી2"નો અર્થ થશે કાર્ડ મેમ્બરના ક્રેડિટ કાર્ડમાં પાછળની બાજુ સહી પેનલ (મેગ્નેટીક પટ્ટીની નીચે) પરના નંબરના છેલ્લાં 3 આંકડા. સીવીસી2 એક સુરક્ષા પાસુ છે, જેનો ઉપયોગ ઈન્ટરનેટ ટ્રાન્ઝેક્શન (લેવડદેવડ) માટે અથવા ફોન પર કાર્ડ મેમ્બરની ઓળખ માટે ઓળખના હેતુથી કરવામાં આવે છે.

1.15 "ઈલેક્ટ્રોનિક ટર્મિનલ" એટલે કોઈપણ શાખા ટેલર ટર્મિનલ, ઑટોમેટેડ ટેલર મશીન(એટીએમ), પોઈન્ટ ઑફ સેલ ટર્મિનલ, ઈડીસી (ઈલેક્ટ્રોનિક ડેટા કેપ્ચર મશીન) અથવા ક્રેડિટ કાર્ડ અને/અથવા પિન(પર્સનલ આઈડેન્ટિફીકેશન નંબર) વપરાતા હોય, અને આ નિયમો અને શરતોમાં દર્શાવ્યા અનુસાર બેંક દ્વારા અધિકૃત કરવામાં આવ્યું હોય તેવું અન્ય કોઈપણ સાધન.

1.16 "ઈલેક્ટ્રોનિક ક્લીયરીંગ સર્વિસ(ડેબિટ ક્લીયરીંગ અથવા ઈસીએસ)"નો અર્થ રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા દ્વારા સૂચિત કરવામાં આવેલ ડેબિટ ક્લીયરીંગ સેવા, જેમાં હિસ્સેદારી વિશે કાર્ડ મેમ્બર દ્વારા કાર્ડ એકાઉન્ટમાં બાકી દેવાની ચૂકવણી શક્ય બનાવવા માટે કાર્ડ મેમ્બર દ્વારા લેખિતમાં મંજૂરી લેવામાં આવી છે.

1.17 "ફાયનાન્સ ચાર્જીસ" નો અર્થ થશે આ નિયમો અને શરતોમાં આપ્યા અનુસાર કાર્ડ એકાઉન્ટ પર કુલ બાકી રકમ અને તેના પરનું વ્યાજ.

1.18 "મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ" નો અર્થ છે કોઈપણ કંપની, કોર્પોરેશન, સ્થાપના, પેઢી, એસોસિયેશન, વ્યક્તિગત કે અન્ય કોઈપણ એકમ જેની નેટવર્ક ભાગીદાર તરીકે (માસ્ટર કાર્ડ/વિઝા/રૂપે) નિમણૂંક કરવામાં આવી હોય અને/અથવા જેની સાથે કાર્ડ મેમ્બર માટે કાર્ડ કે કાર્ડ નંબરના ઉપયોગથી સામાન, સેવાઓ અથવા રોકડ એડવાન્સ લેવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હોય. એસ્ટાબ્લીશમેન્ટમાં અન્યની સાથે, સ્ટોર્સ, દુકાનો, રેસ્ટોરંટ, હોટેલો, વિમાની કંપનીઓ(એરલાઈન્સ), એટીએમ અને મેઈલ ઓર્ડર એડવર્ટાઈઝર્સ (છૂટક વેપારી, વિતરક કે ઉત્પાદનકર્તા) સહિત રોકડ એડવાન્સ પોઈન્ટ સામેલ છે. "મર્ચન્ટ"નો અર્થ થશે એવી કોઈપણ વ્યક્તિ, તેના ઉત્તરાધિકારી અથવા માન્ય નીમાયેલ વ્યક્તિ જે મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટની માલિકી ધરાવે છે, સંભાળે છે કે તેનું સંચાલન કરે છે.

1.19 “લઘુતમ રકમ બાકી(લઘુતમ બાકી રકમ)” એટલે કાર્ડ એકાઉન્ટમાં, કાર્ડ મેમ્બર દ્વારા બિલીંગ સાયકલમાં પ્રત્યેક વખતે ચૂકવવાપાત્ર અને આવનારી બિલીંગ સાયકલમાં બાકીની રકમ આગળ ધપાવવા માટે બેંક દ્વારા સમયે સમયે નક્કી કર્યા અનુસાર કાર્ડ એકાઉન્ટમાં દેખાતી કુલ બાકી રકમની ટકાવારી. અહીં આપેલ હેતુ માટે, આ સ્પષ્ટ કરવામાં આવે છે કે પ્રત્યેક બિલીંગ સાયકલ માટે લઘુતમ રકમ બાકી તરીકે દર્શાવેલ રકમ કાર્ડ મેમ્બરે ચૂકવવી ફરજીયાત છે અને આગળ ધપાવેલ બાકી રકમ પર ફાયનાન્સ ચાર્જ લાગશે અને તે કાર્ડ મેમ્બરે ચૂકવવા જરૂરી છે. વિલંબિત ચૂકવણી શુલ્ક (“એલપીએફ”) લાગુ પડશે જો લાગુ પડતી તારીખના રોજ કાર્ડ સભ્ય દ્વારા કોઈ પેમેન્ટ કરાતું નથી અથવા લઘુતમ બાકી રકમ (“એમએડી”) કરતા ઓછું પેમેન્ટ કરાય છે.

1.20 “પરચેઝ(ખરીદી(ઓ)” નો અર્થ અને તેમાં શામેલ છે કાર્ડનો ઉપયોગ કરીને કાર્ડ મેમ્બર દ્વારા કરાતી સામાન અને સેવાઓની ખરીદી.

1.21 “ખરીદીની તારીખ” એટલે ગ્રાહક દ્વારા વાસ્તવિક રીતે ટ્રાન્ઝેક્શન કર્યાની તારીખ નહીં પરંતુ કાર્ડ એકાઉન્ટમાં તે ટ્રાન્ઝેક્શન(લેવડદેવડ) પોસ્ટ કર્યાની તારીખ થશે. તમામ ચાર્જ અને પુરસ્કાર પોસ્ટીંગ તારીખના આધારે ગણવામાં આવશે.

1.22 “ચૂકવણી બાકી તારીખ(પેમેન્ટ ડ્યૂ ડેટ)” એટલે એ તારીખ જેના પહેલાં અથવા એ જ દિવસે કાર્ડ મેમ્બરે બેંકને ચૂકવણી કરવાની રહેશે.

1.23 “કુલ બાકી” અથવા “કુલ રકમ બાકી” નો અર્થ કાર્ડ એકાઉન્ટ પર બેંકને આપવા પાત્ર કુલ બાકી રકમ છે જેમાં બિલીંગ સાયકલમાં સમયે સમયે બેંક દ્વારા ચાર્જ કરવામાં આવતા ચાર્જ, ફી અને અન્ય રકમ સામેલ છે પરંતુ તેના સુધી સીમિત નથી. અહીં આપેલ હેતુસર, આ સ્પષ્ટ છે કે બિલીંગ સાયકલની પ્રત્યેક ઘટના પર કાર્ડ મેમ્બર ચૂકવવાપાત્ર કુલ બાકી રકમ ચૂકવવા જવાબદાર છે, તેમ છતાં, કથિત કાર્ડ મેમ્બર કુલ બાકી રકમ કરતાં ઓછી રકમ ચૂકવવાનું પસંદ કરી શકે છે, પરંતુ તે રકમ પ્રત્યેક બિલીંગ સાયકલ માટે લઘુતમ બાકી રકમ કરતાં ઓછી હોઈ શકે નહીં.

1.24 “હંગામી ક્રેડિટ મર્યાદા(ટેમ્પરરી ક્રેડિટ લિમિટ)” માં વધારાનો અર્થ છે કે કાર્ડ મેમ્બર દ્વારા કોઈ નિશ્ચિત હેતુસર ક્રેડિટ મર્યાદામાં વધારાની વિનંતી કરવામાં આવી છે. આ પ્રકારનો વધારો નિશ્ચિત સમયગાળા માટે કરવામાં આવે છે અને તે સમયગાળાના અંતે પ્રતિવર્તિત કરવામાં આવે છે.

1.25 “માન્ય કાર્ડ” એટલે એવું ક્રેડિટ કાર્ડ જે બેંક દ્વારા ફાળવવામાં આવે છે અને એક્સપાયર(સમાપ્ત) થયું નથી, ક્ષતિગ્રસ્ત થયું નથી, અથવા બેંક અથવા કાર્ડ મેમ્બર દ્વારા તે રદ કરવામાં આવ્યું નથી.

1.26 “વન ટાઈમ પાસવર્ડ(“ઓટીપી”)” નો અર્થ છે બેંક દ્વારા જારી કરવામાં આવેલ અને શોર્ટ મેસેજ સર્વિસ (એસએમએસ) દ્વારા મોકલવામાં આવેલ વન-ટાઈમ પાસવર્ડ.

1.27 “ઈએમવી પિન”(“ઈએમવી”) એટલે વ્યક્તિગત ઓળખ નંબર જે બેંક દ્વારા ફાળવવામાં આવેલ ક્રેડિટ કાર્ડ પર થનારી લેવડદેવડ માટે ફાળવવામાં આવશે.

## 2. આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ

2.1 કાર્ડ મેમ્બરે અહીં સામેલ અને રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા(આરબીઆઈ)ના સૂચનો અથવા કોઈપણ વૈધાનિક સત્તાઓ અંતર્ગત અથવા સમયે સમયે બેંકની નીતિઓમાં ફેરફારને કારણે બેંક દ્વારા સુધારવામાં આવતા નિયમો અને શરતોનું પાલન કરવાની મંજૂરી આપવાની રહેશે. આ સ્પષ્ટ કરવામાં આવે છે કે જ્યારે માન્ય કાર્ડની પાછળની બાજુ પર યોગ્ય રીતે સહી કરવામાં આવશે અને કાર્ડમેમ્બર દ્વારા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટને આપવામાં આવશે ત્યારે જ કાર્ડ ઉપયોગમાં લેવાશે. કોઈપણ ત્રીજા પક્ષ સહિત કોઈપણ અજાણ્યા વ્યક્તિગત જૂથ અથવા ઈન્ટરનેટ એડ્રેસ સુધી સીમિત ન હોય તેમની સમક્ષ સીવીસી2 નંબર જાહેર કરતી વખતે કાર્ડમેમ્બરે સાવચેતી જાળવવી જરૂરી છે, તેમ કે છેતરપિંડીભરી લેવડદેવડ માટે સીવીસી2નો ગેરઉપયોગ થઈ શકે છે.

2.2 કાર્ડ એ બેંકની મિલકત છે અને બેંકની માંગણી પર ત્વરીત જ રજૂ થવું કે પાછું આપવું ફરજીયાત છે.

2.3 આ કાર્ડ સ્થાનાંતરણને પાત્ર નથી અને કાર્ડમેમ્બરે તમામ સમયે તેને પોતાના વ્યક્તિગત નિયંત્રણમાં રાખીને તેના ગેરઉપયોગ સામે સુરક્ષા જાળવવી જરૂરી છે.

(i) ભારતની બહાર વિદેશી ચલણમાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયાના નિયમોના ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (એફઈએમએ), 1999 ને આધીન છે. નિષેધાત્મક વસ્તુઓ, જેવી કે લોટરીની ટિકીટો, પ્રતિબંધિત કે પ્રિસ્ક્રાઈબ કરવામાં આવતા સામયિકો, ઘોડાની રેસમાં હિસ્સેદારી, અને કોલ-બેક સેવાઓ માટે ચૂકવણી વગેરેની ખરીદી માટે કાર્ડનો ઉપયોગ કરી શકાશે નહીં.

(ii) નેપાલ અથવા ભૂતાનમાં વિદેશી ચલણમાં ચૂકવણી કરવા માટે કાર્ડ મેમ્બર કાર્ડનો ઉપયોગ કરી શકશે નહીં.

ફોરેન એક્સચેન્જ વિનિમય અથવા કાર્ડ પર સંબંધિત સટ્ટા પ્રવૃત્તિઓ સુધી સીમિત નહીં પરંતુ તે સહિત એક્સચેન્જ કંટ્રોલ રેગ્યુલેશન્સના સબંધમાં કાર્ડ મેમ્બર દ્વારા પાલન ન કરવાના કિસ્સામાં, કાર્ડ મેમ્બર સામે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 અને તે માટે ઘડવામાં આવેલ નિયમો અને શરતો અંતર્ગત પગલાં લેવામાં આવી શકે છે. બેંક અથવા આરબીઆઈના આદેશ પર કાર્ડ મેમ્બરને આંતરરાષ્ટ્રીય રીતે માન્ય ક્રેડિટ/ચાર્જ કાર્ડ રાખવાથી અટકાવી શકાય છે.

2.4 પ્રાથમિક કાર્ડ મેમ્બર અને/અથવા અતિરિક્ત કાર્ડ મેમ્બર(મેમ્બરો)એ આરબીએલ બેંકના કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટના નિયમો અને શરતો સ્વીકાર્યા હોવાનું ગણવામાં આવશે, જે બેંકની મુનસફી અનુસાર સમયે સમયે બદલવામાં આવી શકે છે, જે કાર્ડ મળ્યાનું મંજૂર કરવા પર અને/અથવા કાર્ડની પાછળ સહી કરીને, અને/અથવા કાર્ડ પર ચાર્જ ભોગવીને થશે.

2.5 ઈલેક્ટ્રોનિક/ઈન્ટરમેન્ટ ટ્રેડિંગ પોર્ટલ દ્વારા વિદેશી ફોરેક્સ વિનિમય માટે પ્રત્યક્ષ/પરોક્ષ ચૂકવણી કરવા માટે ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકાશે નહીં. નિયમનકારી માર્ગદર્શિકાઓ અનુસાર તે નિષેધને પાત્ર છે.

## 3. ફાળવણી અને જવાબદારી

3.1 સમયે સમયે લાગૂ પડતી, બેંકની ક્રેડિટ કાર્ડ ફાળવણી નીતિમાં દર્શાવ્યા અનુસાર ફાળવણી માટે પાત્રતા ધરાવતા અને બેંકના ક્રેડિટ કાર્ડ ઉત્પાદનમાં રસ પ્રદર્શિત કરનાર આ પ્રકારના બેંકના અરજદારો/ગ્રાહકો જાહેર જનતાના સભ્યોને બેંક દ્વારા ક્રેડિટ કાર્ડ ફાળવવામાં આવશે. આ ઉપરાંત, બેંક તેની એકમાત્ર અને વિશિષ્ટ મુનસફી અનુસાર કોઈપણ કાર્ડ મેમ્બરને મંજૂર કરવા પાત્ર ક્રેડિટ મર્યાદા અને/અથવા રોકડ ઉપાડ પર નિર્ણય લઈ શકે છે. વિવિધ પરિસ્થિતિઓમાં કાર્ડ મેમ્બરને ક્રેડિટ મર્યાદા અને/અથવા રોકડ ઉપાડ મર્યાદા વિશે જાણ કરવામાં આવે છે જેમાં ક્રેડિટ કાર્ડની ડિલીવરીનો સમય અને કાર્ડ મેમ્બરના મુદતી સ્ટેટમેન્ટનો સમાવેશ થાય છે પરંતુ તે ત્યાં સુધી સીમિત નથી. મુદતી સ્ટેટમેન્ટ તૈયાર કરવાના સમયે ઉપલબ્ધ ક્રેડિટ મર્યાદા અને/અથવા રોકડ ઉપાડ મર્યાદા સ્ટેટમેન્ટના ભાગરૂપે આપવામાં આવે છે અને બેંક તેની મુનસફી અનુસાર કાર્ડ મેમ્બરના એકાઉન્ટનુ સમયાંતરે મૂલ્યાંકન કરી શકે છે અને આંતરિત માપદંડને આધારે ઉપરોક્ત મર્યાદા(મર્યાદાઓ) બદલી શકે છે. સંબંધિત ક્રેડિટ મર્યાદા અને/અથવા રોકડ ઉપાડ મર્યાદા વધારવા/બદલવા ઈચ્છતા કાર્ડ મેમ્બર બેંક દ્વારા માંગવામાં આવતા તમામ જરૂરી દસ્તાવેજો સાથે બેંકને લેખિતમાં વિનંતી કરીને આ કરી શકે છે. બેંક, તેની મુનસફી અનુસાર, અને આપવામાં આવેલ આ પ્રકારના નવા દસ્તાવેજોના આધારે, કથિત કાર્ડ મેમ્બરની ક્રેડિટ મર્યાદા અને/અથવા રોકડ ઉપાડ મર્યાદાઓ બદલવાનું પસંદ કરી શકે છે.

3.2 આ નિયમો અને શરતો ક્રેડિટ કાર્ડના સ્વીકાર/સ્વાઈપ અને તેના ઉપયોગ માટે કાર્ડ મેમ્બરને બંધનકર્તા રહેશે.

3.3 એડ ઓન ક્રેડિટ કાર્ડની ફાળવણી માટે વિનંતી/અરજીઓ સહિત, બેંકના અરજદારો/ગ્રાહકો અને ક્રેડિટ કાર્ડમાં રસ દર્શાવતા જાહેર જનતાના સભ્યો માટે કોઈ મટિરીયલ (માર્કેટિંગ મટિરીયલ સહિત) બેંક તરફથી ક્રેડિટ કાર્ડની ફાળવણી કરવા માટેની ઑફર/વચનનો ભાગ બનશે નહીં.

3.4 બેંક દ્વારા એડ-ઓન ક્રેડિટ કાર્ડ ફાળવવાના કિસ્સામાં, પ્રાથમિક અને એડ-ઓન કાર્ડ મેમ્બર દ્વારા કરવામાં આવેલ લેવડદેવડના સંબંધમાં બેંકને ચૂકવવાપાત્ર કુલ રકમ માટે પ્રાથમિક કાર્ડ મેમ્બર જ તમામ સમયે જવાબદાર રહેશે.

3.5 બેંકની મુનસફી અનુસાર, અથવા લાગૂ પડતા કાયદામાં નિર્ધારીત કર્યા અનુસાર, ક્રેડિટ કાર્ડમાં રસ ધરાવતા બેંકના અરજદારો/ગ્રાહકો અને જાહેર જનતાના સભ્યો પાસેથી બેંક આવા દસ્તાવેજો જમા કરાવવાનું કહી શકે છે.

## 4. કાર્ડ વેલિડિટી, એક્સપાયરી અને રીન્યૂઅલ

4.1 બેંક દ્વારા આગોતરના રદ કરવામાં ના આવે ત્યાં સુધી કાર્ડની આગળની તરફ દર્શાવેલ વાર્ષિક કેલેન્ડરના મહિનાની છેલ્લી તારીખ સુધઈ કાર્ડ માન્ય રહેશે. જો કાર્ડ મેમ્બર દ્વારા વેલિડિટી ગાળા બાદ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે તો, તેના કોઈપણ પરિણામ માટે કોઈપણ રીતે બેંક જવાબદાર રહેશે નહીં.

4.2 એક્સપાયરી કે પૂર્વ રદીકરણની સ્થિતિમાં, બેંકની મુનસફી અનુસાર કાર્ડને રીન્યૂ કરી શકાય છે કે પુનઃલાગૂ કરી શકાય છે. એક્સપાયરીના કિસ્સામાં, મેગ્નેટીક પટ્ટી ઉપર તેને અડધામાં કાપીને કાર્ડને નાશ કરવું જરૂરી છે. તે ઉપરાંત, ચીપને બે ટુકડામાં કાપીને ક્રેડિટ કાર્ડ પર આપેલી ચીપ(જો કોઈ હોય તો)નો પણ નાશ કરો.

4.3 સિવાય કે કાર્ડ મેમ્બર દ્વારા કરારનો ભંગ થયો હોય કે અન્ય કોઈ બાબત હોય, બેંક આપમેળે કાર્ડની વેલિડિટીને રીન્યૂ કરશે અને હાલમાં વપરાતા કાર્ડની એક્સપાયરી પહેલાં જ નવું કાર્ડ મોકલશે. રીન્યૂ કરેલ કાર્ડ ન મળવાના કિસ્સામાં, કાર્ડ મેમ્બર બેંકના નિયુક્ત ગ્રાહક સેવા કેન્દ્રનો સંપર્ક કરી શકે છે અથવા કાર્ડ મેમ્બરને સમયે સમયે સૂચિત કરવામાં આવતા બેંકના સરનામે લેખિતમાં જણાવી શકે છે.

4.4 જો કાર્ડ મેમ્બર કાર્ડ રીન્યૂ કરાવવા ઈચ્છતા ન હોય તો હાલમાં વપરાતા કાર્ડની એક્સપાયરીના કમ સે કમ 30 દિવસ પહેલાં કાર્ડ મેમ્બરે બેંકને જાણ કરવી ફરજીયાત છે. કાર્ડ મેમ્બર દ્વારા કાર્ડના રદીકરણ વિશે જાણ કરવાની ગેરહાજરીમાં, કાર્ડ મેમ્બર કાર્ડ એકાઉન્ટમાં વાર્ષિક ફી (અરજી સમયે લાગૂપાત્ર હોય તે) ચાર્જ કરવામાં આવશે અને તે નોન-રીફંડેબલ હશે.

4.5 ક્રેડિટ કાર્ડની રીન્યૂઅલ વિનંતીઓ માટે પાન કાર્ડની વિગતો આપવી ફરજીયાત છે. જો તમારી પાન કાર્ડની વિગતો એક્સપાયરી પહેલાં અમારી પાસે અપડેટ ન કરેલ હોય તો, તે રીન્યૂ કરવામાં આવશે નહીં. કાર્ડ એક્સપાયર થયાના 90 દિવસની અંદર જો પાન કાર્ડની વિગતો નહીં પ્રાપ્ત થાય તો, આ પ્રકારના કાર્ડ કાયમી રીતે બંધ કરવામાં આવશે.

## 5. અતિરિક્ત કાર્ડ

5.1 એક કાર્ડ એકાઉન્ટમાં અનેક અતિરિક્ત કાર્ડ હોઈ શકે છે, અને તેની સંખ્યા બેંકની મુનસફીના આધારે નક્કી કરવામાં આવશે. અતિરિક્ત કાર્ડ મેમ્બર 18 વર્ષથી ઉપરના ભારતના નિવાસી હોવા જોઈએ અને માતાપિતા, જીવનસાથી, સંતાન કે ભાઈ-બહેનની રીતે પ્રાથમિક કાર્ડ મેમ્બર સાથે સંબંધિત હોવા જોઈએ.

5.2 કાર્ડ મેમ્બર દ્વારા વિનંતી/અધિકૃતતા મળ્યા બાદ, બેંક તેની મુનસફી અનુસાર અતિરિક્ત કાર્ડ મેમ્બરને અતિરિક્ત કાર્ડ ફાળવી શકે છે.

5.3 અતિરિક્ત કાર્ડ પરની તમામ લેવડદેવડ અને ચાર્જ માટે કાર્ડ મેમ્બર સંપૂર્ણરીતે જવાબદાર અને આધીન રહેશે, જે તેમના ચૂકવણી માટેના એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં સામેલ કરવામાં આવશે. માસિક એકાઉન્ટ સ્ટેટમેન્ટ ફક્ત કાર્ડ મેમ્બરને મોકલવા છતાં, તમામ ચાર્જ માટે અતિરિક્ત કાર્ડ મેમ્બર સાથે કાર્ડ મેમ્બર સંયુક્ત રીતે અને અનેક રીતે બેંકને આધીન રહેશે. આ નિયમો અને શરતો અતિરિક્ત કાર્ડ મેમ્બરોને પણ બંધનકર્તા રહેશે.

5.4 બેંકને વિનંતી કરીને અને બેંકને અતિરિક્ત કાર્ડ બે ટુકડામાં કાપેલું પરત મોકલીને કાર્ડ મેમ્બર અતિરિક્ત કાર્ડની સુવિધા પાછી ખેંચી શકે છે. તે મળવા પર, બેંક દ્વારા અતિરિક્ત કાર્ડ રદ કરવામાં આવશે. બેંક દ્વારા રદ કરેલ અતિરિક્ત કાર્ડ મળ્યાના પહેલાં અતિરિક્ત કાર્ડ પર થયેલ પરંતુ બિલ ન થયેલી હોય તેવી તમામ લેવડદેવડ માન્ય ગણાશે અને કાર્ડ મેમ્બરને બંધનકર્તા રહેશે.

5.5 જો પ્રાથમિક કાર્ડ એકાઉન્ડ કોઈ કારણોસર બંધ કરવામાં આવે તો, અતિરિક્ત કાર્ડ સુવિધા અને તેના લાભો આપમેળે પાછા ખેંચી લેવામાં આવશે.

## 6. કાર્ડનો ઉપયોગ

6.1 ક્રેડિટ કાર્ડ મળ્યા બાદ, ક્રેડિટ કાર્ડની પાછળ સિગ્નેચર પેનલ પર તરત સહી કરવી ફરજીયાત છે.

6.2 કાર્ડનો ઉપયોગ ફક્ત સામાન અને/અથવા સેવાઓની પ્રામાણિક વ્યક્તિગત કે અધિકૃત ખરીદી માટે જ થઈ શકે છે.

6.3 ચાર્જ થવાના સમયે કાર્ડ મેમ્બરે ચાર્જ સ્લીપ, કેશ એડવાન્સ સ્લીપ અથવા મેઈલ ઓર્ડર કુપન પર સહી કરવી અને/અથવા મેળવવી ફરજીયાત છે. ચાર્જ સ્લીપ પર સહી કરવામાં નિષ્ફળતાથી કાર્ડ મેમ્બર ચાર્જની જવાબદારીમાંથઈ મુક્ત થશે નહીં. કાર્ડ મેમ્બરે કમ સે કમ છ મહિના સુધી ચાર્જ સ્લીપની નકલો સાચવવી જરૂરી છે. વિનંતી મળ્યા બાદ, બેંક તેની મુનસફી અનુસાર, વર્તમાન દરે અતિરિક્ત ચાર્જની ચૂકવણીને આધીન, ચાર્જ સ્લીપની નકલો પૂરી પાડી શકે છે.

6.4 બેંક, કોઈપણ સમયે, પૂર્વ સૂચના કે કારણો આપ્યા વગર, મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ ખાતે ચાર્જની અધિકૃતતા નકારી શકે છે અને/અથવા કાર્ડનો ઉપયોગ કરવાની કાર્ડ મેમ્બરની ક્ષમતાને નિયંત્રિત કે રોકી શકે છે અને/અથવા કાર્ડ સ્થગિત કે રદ કરી શકે છે. જો બેંકને વ્યાજબી રીતે લાગે કે ક્રેડિટ માટે અથવા વ્યવસાયના જોખમના યોગ્ય પ્રબંધન માટે આમ કરવું જરૂરી છે અથવા કાર્ડ કે કાર્ડ એકાઉન્ટનો દુરુપયોગ થઈ રહ્યો છે અથવા દુરુપયોગ થવાની સંભાવના છે તો બેંક એટીએમ, મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા કે સ્વયં, ક્રેડિટ કાર્ડ પુનઃહસ્તગત/રાખી શકે છે, ક્રેડિટ કાર્ડ આઉટસ્ટેન્ડિંગ પર તાત્કાલિક સંપૂર્ણ કે અંશતઃ ચૂકવણી માંગી શકે છે. કાર્ડ મેમ્બરે કોઈપણ અવરોધ કે વિરોધ વગર ઉપરોક્ત માટે મંજૂરી આપવાની રહેશે.

6.5 ચૂકવણી માટે કાર્ડ એકાઉન્ટ પર કરેલ કોઈપણ લેવડદેવડ માટે બેંકને મળેલ કોઈપણ ચાર્જ સ્લીપ અથવા ચૂકવણીની માંગ એક અંતિમ પુરાવો ગણાશે કે આ પ્રકારની ચાર્જ સ્લીપ અને અન્ય માંગ પર રેકોર્ડ થયેલ રકમ કાર્ડ મેમ્બર દ્વારા કાર્ડના ઉપયોગને કારણે થઈ છે. જ્યાં ચાર્જ સ્લીપ અથવા વાઉચર ઉપલબ્ધ ન હોય, જેમ કે મેઈલ ઓર્ડર અથવા ટેલિફોન ઓર્ડર અથવા ઈલેક્ટ્રોનિક કોમર્સ (દા.ત. ઈન્ટરનેટ) અને તમે તે લેવડદેવડ પર વિવાદ ઉભો કરો તો, કાર્ડ મેમ્બર દ્વારા પ્રથમ કાર્ડ પર તમામ આઉટસ્ટેન્ડિંગ સમાપ્ત કરવામાં આવશે અને પછી સંબંધિત મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સાથે તે વિવાદ સીધો સુલઝાવવામાં આવશે. તે માટે બેંક, કોઈપણ રીતે જવાબદાર ગણાશે નહીં.

6.6 બેંક દ્વારા સમયે સમયે સૂચિત કર્યા અનુસાર અમુક ઉત્પાદનો અને સેવાઓની ખરીદી પર સરચાર્જ લાદવામાં આવશે. સરચાર્જની ચૂકવણી ફરજીયાત છે અને તે સમયે સમયે બદલાઈ શકે છે. લઘુતમ રૂા. 10 અનુસાર, પેટ્રોલ પંપ ખાતે લેવડદેવડ પર લેવડદેવડની રકમના 2.5% સરચાર્જ રહેશે. રેલવે ટિકીટની ખરીદી/રદીકરણ પર સરચાર્જ આઈઆરસીટીસી સર્વિસ ચાર્જ + 1.8% લેવડદેવડની રકમ રહેશે.

6.7 કોઈ મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ કાર્ડનો અસ્વીકાર કરે અથવા કાર્ડ પર સરચાર્જ લાદે તો તેના માટેની જવાબદારી બેંકની રહેશે નહીં. તેમ છતાં, સમયે સમયે બેંક દ્વારા સૂચિત કરવામાં આવેલ સરનામે અથવા નિયુક્ત કરેલ ગ્રાહક સેવા કેન્દ્ર ખાતે કાર્ડ મેમ્બરે મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા આ પ્રકારે કાર્ડ સ્વીકારવાના નકાર અથવા સરચાર્જ લાદવાની ફરિયાદ બેંકને કરવી જોઈએ.

6.8 બેંક કાર્ડ મેમ્બર દ્વારા કરવામાં આવેલ કોઈ મેઈલ ઓર્ડર સહિત મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ પાસેથી અને/અથવા ત્રીજા પક્ષ સપ્લાયર દ્વારા કોઈપણ રીતે મર્ચન્ડાઈઝ, કિંમત, દર, ગુણવત્તા, જથ્થો, વોરંટી, લાભ, ફાયદા, અને સુવિધાઓ માટે જવાબદાર નથી તેના સિવાય ઉભો થનાર કોઈપણ વિખવાદ કાર્ડ મેમ્બરે મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ/ત્રીજા પક્ષ સપ્લાયર સાથે સીધો જ સુલઝાવવાનો રહેશે અને તેમ કરવામાં નિષ્ફળતાથી કાર્ડ મેમ્બરને બેંક પ્રત્યેની તેની જવાબદારીથી મુક્તિ મળશે નહીં.

6.9 કાર્ડ મેમ્બર દ્વારા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સામે કરવામાં આવેલ દાવો બેંક સામે વળતર કે પ્રતિદાવાને પાત્ર રહેશે નહીં.

6.10 કાર્ડ મેમ્બર પ્રત્યે કોઈપણ રીતે જવાબદારી વગર, અને તે માટેનું કોઈ કારણ આપ્યા વગર, બેંક પોતાની મુનસફીએ કાર્ડ સ્થગિત કરી શકે છે/પાછું ખેંચી શકે છે. કાર્ડની અને આ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટની સમાપ્તિ આપમેળે જ તેની સાથે સંકળાયેલ ફાયદા, લાભ અને સુવિધાઓની સમાપ્તિમાં પરિણમશે.

6.11 આ સાથે વધુ સ્પષ્ટતા કરવામાં આવે છે કે કાર્ડ મેમ્બર લાગૂ પડતા ફાયનાન્સ અથવા ફી ચાર્જ ટાળવા માટે હવાઈ/રેલ ટિકીટ સુધી સીમિત નહીં પરંતુ તે સહિત, સ્ટેટમેન્ટમાં દેખાતા કોઈપણ/તમામ સામાન/સેવાઓની ખરીદી માટે, ખરીદી બાદમાં રદ થઈ હોય તો પણ ચૂકવણી કરશે. રદીકરણને કારણે થયેલ રીફંડનું ક્રેડિટ કાર્ડ એકાઉન્ટમાં (રદીકરણ ચાર્જ કપાત) ત્યારે જ થશે જ્યારે બેંકને આ પ્રકારના રદીકરણ માટેની સૂચના પ્રાપ્ત થઈ હોય. કાર્ડ મેમ્બરને કોઈ રોકડ રીફંડ આપવામાં આવશે નહીં. જો વ્યાજબી સમયગાળા દરમ્યાન એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં ક્રેડિટ ન દેખાય તો, કાર્ડ મેમ્બરે તાત્કાલિક બેંકને જણાવવાનું રહેશે.

6.12 આ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટના કાયદાઓ, શરતો, નિયમો અને નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરીને કાર્ડના ઉપયોગ માટેની સંપૂર્ણ જવાબદારી કાર્ડ મેમ્બર સ્વીકારે છે, અને કોઈપણ નુકસાન, ક્ષતિ, લાભ, રૂપાંતરણ સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન રહેતા અન્ય કોઈપણ નાણાંકીય ચાર્જ અને જાવક, ખર્ચ અને પરિણામ જે બેંકને તમારા એકાઉન્ટ દ્વારા અને તમારી ચૂક/કમિશન અને/અથવા બેદરકારીને કારણે ભોગવવા પડે અથવા સહેવા પડે તો બેંકને તે માટે ભરપાઈ કરવાની જવાબદારી પણ કાર્ડ મેમ્બર સ્વીકારે છે.

6.13 બેંક દ્વારા કાર્ડ મેમ્બરને આપવામાં આવતી સેવાઓ પર લાગતા કોઈપણ વૈધાનિક દેવા/ચાર્જ/જવાબદારીઓ માટે ચૂકવણી કરવા માટે પણ કાર્ડ મેમ્બર જવાબદાર છે.

6.14 વિદેશી ચલણમાં કાર્ડ મેમ્બર દ્વારા થયેલ ચાર્જને બેંકની મુનસફી અનુસાર સમયે સમયે બેંક દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ દર અનુસાર તેને સમકક્ષ ભારતીય રૂપિયામાં રૂપાંતરિત કરવા માટે કાર્ડ મેમ્બર મંજૂર કરે છે અને આ સાથે બેંકને અધિકૃત કરે છે.

## 7. ઈએમવી નિયમો અને શરતો

7.1 ઈએમવી બેંકની સિસ્ટમમાં રેકોર્ડ થયેલ એસએમએસ/ઈ-મેઈલ અથવા રજીસ્ટર્ડ એડ્રેસ પર મોકલવામાં આવતો પિન નંબર છે. બેંકના ક્રેડિટ કાર્ડના ઉપયોગથી ઓફલાઈન લેવડદેવડ કરવા માટે કાર્ડ મેમ્બર માટે ઈએમવી સાથે રાખવું આવશ્યક છે.

7.2 કાર્ડ મેમ્બર સ્વીકારે છે અને મંજૂર કરે છે કે કોઈપણ ઈએમવીની પ્રાપ્તિમાં વિલંબ થઈ શકે છે અથવા મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર્સ અથવા ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ અને બેંકના નિયંત્રણમાં ન હોય તેવા અન્ પરિબળોને અસર કરતા પરિબળો દ્વારા રોકી શકાય છે. બેંક ઈએમવીની ડિલીવરીની ખાતરી આપતી નથી. કાર્ડ મેમ્બર બેંક, તેના ડિરેક્ટરો, અધિકારીઓ, કર્મચારીઓ અને એજન્ટોને નીચેના દ્વારા સંપૂર્ણ અથવા ભાગમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉભી થકી વકીલની ફી સહિત, કોઈપણ અને તમામ નુકસાન અથવા ક્ષતિઓથી મુક્ત અને જોખમરહિત રાખવાનુ મંજૂર કરે છેઃ

એ) ઈએમવીની નોન-ડિલીવરી, વિલંબિત ડિલીવરી અથવા અયોગ્ય ડિલીવરી;

બી) તેના પરિણામરૂપે બેંક ક્રેડિટ કાર્ડ પર લેવડદેવડ કરવામાં કાર્ડ મેમ્બરની નિષ્ફળતા અથવા અસક્ષમતા; અને

સી) ઈએમવીના ગેરઉપયોગ, અનધિકૃત ઉપયોગ, નુકસાન અથવા ચોરીના કારણે કાર્ડ મેમ્બરને સહેવા પડેલા અથવા ભોગવવા પડેલા કોઈ નુકસાન અથવા ક્ષતિ.

7.3 ઈએમવીની સુરક્ષાના સંદર્ભમાં બેંક દ્વારા તેની સંપૂર્ણ મુનસફી અનુસાર કોઈપણ સમયે અને સમયે સમયે નિર્ધારીત કરવામાં આવતી તમામ જરૂરીયાતો, સૂચના અને નિર્દિષ્ટતાઓનું કાર્ડ મેમ્બરે પાલન કરવાનું રહેશે. પૂર્વોક્ત વિશે અચોક્કસતા સામે કોઈ પક્ષપાત વગર, કાર્ડ મેમ્બર દ્વારા કોઈપણ સમયે પોતાના સિવાય અન્ય કોઈપણ વ્યક્તિને ઈએમવીનો ઉપયોગ કરવાની મંજૂરી કે સંમતિ આપવામાં આવશે નહીં.

7.4 ઈએમવીને ગુપ્ત રાખવા માટે કાર્ડ મેમ્બર જવાબદાર છે અને તેમણે અન્ય કોઈ પક્ષ સમક્ષ ઈએમવી જાહેર કરાશે નહીં અને અન્ય પક્ષ ને/દ્વારા પાસવર્ડ અને/અથવા ઈએમવીના પ્રકટીકરણ અથવા શોધને રોકવા માટે તમામ જરૂરી પગલાં લેવાના રહેશે. ઈએમવીની તેમ જ જે મોબાઈલ ફોન અથવા સાધન જેમાં ઈએમવી મળ્યો હોય તેની સુરક્ષાની ખાતરી માટે અને અનધિકૃત વપરાશથી તેમને બચાવવા માટે કાર્ડ મેમ્બર જવાબદાર છે.

7.5 ઈએમવીના ઉપયોગથી કરવામાં આવેલ તમામ લેવડદેવડ માટે કાર્ડ મેમ્બર જવાબદાર રહેશે.

7.6 ઈએમવીના ઉપયોગથી અધિકૃત કરવામાં આવેલ લેવડદેવડના ચાર્જબેક માટે કાર્ડમેમ્બર માન્ય ગણાશે નહીં.

7.7 24- કલાક ગ્રાહક સેવાનો સંપર્ક કરીને કાર્ડ મેમ્બરે તાત્કાલિક બેંકને જાણ કરવાનું રહેશેઃ

(i) જો બેંક સાથે નોંધાયેલ કોઈ નંબર અથવા સાધન ગુમ થઈ જાય અથવા ચોરાઈ જાય, અથવા ધાર્યા મુજબ કામ કરવામાં નિષ્ફળ જાય,

(ii) જો ઈએમવીની સુરક્ષા અથવા ગુપ્તતા સાથે સમાધાન થયાની શંકા વિશે કાર્ડ મેમ્બરને કોઈ જાણકારી હોય અથવા કોઈ કારણ હોય, અથવા ઈએમવીનો કોઈ અનધિકૃત રીતે ઉપયોગ થયો હોય અથવા

(iii) ઈએમવીના જનરેશન અને/અથવા પ્રાપ્તિ માટે કાર્ડ મેમ્બર દ્વારા વપરાતા કોઈ મોબાઈલ ફોન અથવા અન્ય સાધન (જે પણ હોય) ગુમ થયો હોય, બદલાયો હોય અને/અથવા નંબરમાં ફેરફાર થયો હોય. કાર્ડ મેમ્બરની બેદરકારીને કારણે ઈએમવીના લોપ, ચોરી કે ગેરઉપયોગને કારણે ઉભી થતી નાણાંકીય જવાબદારીઓ કાર્ડ મેમ્બરે ભોગવવાની રહેશે. તેનું પરિણામ કાર્ડ એકાઉન્ટના રદીકરણમાં આવી શકે છે.

7.8 જો બેંકને લાગે કે ઈએમવીનો દુરુપયોગ થઈ રહ્યો છે અથવા યોગ્ય અધિકૃતતા વગર તેનો ઉપયોગ થઈ રહ્યો છે તો બેંક કોઈપણ લેવડદેવડ નકારવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

7.9 કોઈપણ કારણ આપ્યા વગર બેંકને જરૂર લાગે ત્યારે ઈએમવીને રીપ્લેસમેન્ટ કરવાનો અથવા સુધારા કરવાનો અને નોટિસ આપ્યા વગર રદ કરવાનો કોઈપણ સમયે, સમયે સમયે સંપૂર્ણ મુનસફીનો અધિકાર બેંક ધરાવશે અને તેના પરિણામરૂપે કોઈપણ નુકસાન કે ક્ષતિ માટે જવાબદાર ગણાશે નહીં.

## 8. રોકડ એડવાન્સીઝ

8.1 સમયે સમયે બેંક દ્વારા તેની સંપૂર્ણ મુનસફી અનુસાર બેંકના ઑટોમેટેડ ટેલર મશીન્સ(એટીએમ્સ)માંથી, ચુનંદા ભાગીદાર બેંક્સમાંથી, અને અન્ય સ્થળે/માન્ય એસ્ટાબ્લીશમેન્ટ્સમાંથી આપવામાં આવે તે રીતે કાર્ડ મેમ્બર ક્રેડિટ કાર્ડનો ઉપયોગ રોકડ નાણાં ઉપાડવા અને બેંક દ્વારા સમયે સમયે માન્ય કરવામાં આવતી ડિમાન્ડ ડ્રાફ્ટ સુવિધા સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તેવા અન્ય કોઈ રોકડ સમકક્ષ લેવડદેવડ માટે કરી શકે છે. આવા કોઈપણ રોકડ એડવાન્સીઝ અને રોકડ સમકક્ષ લેવડદેવડ માટે, કાર્ડ મેમ્બરે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 અંતર્ગત નિયત કરેલ ફોરેન એક્સચેન્જ કાયદા અને તેને સંબંધિત શરતો અને આરબીઆઈ અને અન્ય સરકારી સત્તાઓ દ્વારા અતિરિક્ત સૂચિત કરવામાં આવેલ શરતોનો સહિત, પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તેવા તમામ કાયદાઓ, શરતો અને નિયમોનું પાલન કરવાનું રહેશે. રોકડ એડવાન્સ માટે બેંક દ્વારા તેમને આપવામાં આવેલ એટીએમ પિન/કોડ કાર્ડ મેમ્બરે કોઈને પણ જણાવવાનો રહેશે નહીં. કોઈપણ વ્યક્તિ દ્વારા તેની શોધને રોકવા માટે જરૂરી તમામ સંભાળ કાર્ડ મેમ્બરે લેવાની રહેશે.

8.2 ઉપલબ્ધ રોકડ ઉપાડ મર્યાદા અને રોકડ એડવાન્સ લેવડદેવડને લાગૂ પડતા નિયમો અને શરતોને આધીન, સમયે સમયે બેંક દ્વારા નિર્ધારીત કરવામાં આવતી અને જણાવવામાં આવતી રોકડ ઉપાડ મર્યાદા રકમ સુધી કાર્ડ મેમ્બર ક્રેડિટ કાર્ડ પર રોકડ એડવાન્સ મેળવી શકે છે.

8.3 તે માટેના ચાર્જ અને નિયમ અને શરતો કાર્ડ મેમ્બરને લેખિતમાં જણાવવામાં આવશે. આ પ્રકારના ચાર્જ બેંકની સંપૂર્ણ મુનસફી અનુસાર બદલાવને આધીન છે અને ઉપાડની તારીખથી સેટલમેન્ટની તારીખ સુધી લાદવામાં આવશે.

8.4 ડિફોલ્ટની ઘટના બાદ તાત્કાલિક ડિફોલ્ટ માટેના વ્યાજદર અમલમાં આવશે. કાર્ડ મેમ્બરના માસિક ફાયનાન્સ ચાર્જ નક્કી કરવામાં કાર્ડ મેમ્બરના એકાઉન્ટના વપરાશ અને પ્રદર્શનના અન્ય સૂચકો ઉપરાંત, ડિફોલ્ટનો પ્રકાર જો કોઈ હોય તો તે સહિત કાર્ડ મેમ્બરના વિન્ટેજ, તેમના સમગ્રતયા ક્રેડિટ પ્રદર્શનનો સમાવેશ થાય છે.

## 9. અન્ય ફી/ચાર્જ

9.1 કાર્ડ મેમ્બરે ચાર્જ(રીપ્લેસમેન્ટ અને ડુપ્લિકેટ સ્ટેટમેન્ટ માટે), રોકડ એડવાન્સ પર લેવડદેવડ ફી, આઉટસ્ટેશન ફી માટે કલેક્શન ચાર્જ, કાયદાકીય ખર્ચ, અને બેંક દ્વારા ભોગવવામાં આવેલ અને/અથવા ચાર્જ કરવામાં આવેલ અન્ય કોઈપણ ફી/ચાર્જ સહિત પરંતુ ત્યાં સુધી સીમિત નહીં તેવા તમામ ચાર્જ માટે ચૂકવણી કરવાની સંમતિ આપવાની રહેશે.

## 10. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ

10.1 કાર્ડ મેમ્બરે ભારત સરકાર દ્વારા સૂચિત કરવામાં આવેલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અથવા ભારત સરકારની માર્ગદર્શિકા અનુસાર સમયે સમયે લાગૂ થતા નિયત કરેલ ફી, ફાયનાન્સ ચાર્જ પર લાદવામાં આવતા કોઈપણ આવા દર ચૂકવવા માટે સ્વીકૃતિ આપવાની રહેશે. ગુડ્સ અને સર્વિસ ટેક્સ કાર્ડ મેમ્બરના માસિક બિલીંગ સ્ટેટમેન્ટમાં દેખાશે.

## 11. ચેતવણી (સંદેશા)

11.1 એસએમએસ અને/અથવા ઈમેઈલ દ્વારા અથવા અન્ય કોઈપણ કોમ્યુનિકેશન માધ્યમ દ્વારા સંદેશા મોકલીને સમયે સમયે બેંક દ્વારા તેમના કાર્ડ એકાઉન્ટની સ્થિતિ વિશે અને અન્ય કોઈ જાણકારી માટે બેંક દ્વારા તેમને માહિતગાર રાખવા માટે અને તે વિશે તેમને કોઈ વાંધો નથી તેમ કાર્ડ મેમ્બરે મંજૂર કરવાનું રહેશે. આ સાથે કાર્ડ મેમ્બર દ્વારા વધુ મંજૂર કરવામાં આવે છે કે, બેંક, તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, કથિત જાણકારી/ચેતવણી સેવાઓ માટે ફી/ચાર્જ લેવાનું પસંદ કરી શકે છે, જે માટે કાર્ડ મેમ્બરને કોઈ આપત્તિ હશે નહીં.

### ઉપલબ્ધતા

11.1 હાલમાં એસએમએસ સુવિધા ફક્ત ભારતમાં આરબીએલ બેંકની શાખાઓમાં એકાઉન્ટ ધરાવતા નિવાસી ભારતીય ક્રેડિટ કાર્ડધારકો માટે જ ઉપલબ્ધ છે.

11.2 કેટલાંક સેલ્યૂલર સર્વિસ પ્રોવાઈડર્સ ("સીએસપી") દ્વારા એસએમએસ સુવિધા આપવામાં આવે છે અને માટે જે ક્ષેત્રોમાં સીએસપી સેવાઓ આપે છે તે ક્ષેત્રોમાં અને ભારતમાં સીએસપીની સેવાઓ લેનાર સબસ્ક્રાઈબર્સ માટે તે ઉપલબ્ધ છે.

11.3 જો ક્રેડિટ કાર્ડધારક સીએસપીના સેલ્યૂલર સર્કલની અંદર હોય અથવા આ પ્રકારના સીએસપીના રોમિંગ નેટવર્કનો હિસ્સો બનતા સર્કલમાં હોય તો જ ક્રેડિટ કાર્ડધારકને ચેતવણી(સંદેશા) મોકલવામાં આવશે.

11.4 આરબીએલ બેંક, જો શક્ય હોય તો, કવરેજ વધારવા માટે વધુ સેલ્યૂલર સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા સુવિધાઓ આપી શકે છે.

11.5 જેના અંતર્ગત આરબીએલ બેંક એસએમએસ સુવિધાનો ઉપયોગ કરીને જાણકારી મોકલે છે તે તમામ કાર્યક્રમો માટે ઉપરોક્ત શરતો માન્ય ગણાશે.

## 12. લોયલ્ટી પ્રોગ્રામ અને અન્ય પ્રોગ્રામ્સ

12.1 ક્રેડિટ કાર્ડ/કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ("પ્રોગ્રામ") સાથે આપવામાં આવતા આરબીએલ બેંક (આરબીએલ બેંક) કાર્ડ રિવોર્ડ્સ પ્રોગ્રામ અથવા આવા અન્ય લોયલ્ટી પ્રોગ્રામ, માન્ય આરબીએલ બેંક કાર્ડ મેમ્બરોને ("કાર્ડમેમ્બર(મેમ્બરો)")ને સમયે સમયે તેમના આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ પર ખર્ચ કરીને પોઈન્ટ્સ ("પોઈન્ટ્સ") એકત્ર કરવા માટે મંજૂરી આપે છે. આ પ્રકારના ક્રેડિટ કાર્ડ પર એકત્ર થયેલ પોઈન્ટ્સ આરબીએલ બેંક દ્વારા અથવા જેની સાથે કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ ફાળવવામાં આવ્યું છે તે એકમ દ્વારા આપવામાં આવતા રિવોર્ડ્સની વિસ્તૃત શ્રેણી માટે એક્સચેન્જ કરી શકાય છે.

12.2 પ્રોગ્રામમાં હિસ્સેદારી સ્વૈચ્છિક છે. બેંકને સૂચના મોકલીને કાર્ડ મેમ્બર પ્રોગ્રામમાંથી બહાર નીકળી શકે છે.

12.3 કાર્ડ મેમ્બર તે/તેણી સામાન્ય રીતે તેમનું/તેણીનું આરબીએલ બેંક કાર્ડ વાપરવાનું ચાલુ રાખી શકે છે. પ્રોગ્રામમાં હિસ્સો લેવા માટેની વાર્ષિક ફી આરબીએલ બેંક/ કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ ફાળવનાર કોમર્શિયલ અથવા વેપારી એકમ દ્વારા સમયે સમયે નક્કી કરવામાં આવી શકે છે. એનરોલમેન્ટ તારીખ – નો અર્થ થશે ચાલુ કાર્ડ મેમ્બરો માટે પ્રોગ્રામ શરૂ થવાની તારીખ અને નવા કાર્ડ મેમ્બરો માટે આરબીએલ બેંક દ્વારા કાર્ડ એકાઉન્ટ સ્થાપિત થયાની તારીખ. એનરોલમેન્ટ વર્ષનો અર્થ એનરોલમેન્ટ તારીખથી ચાલુ થતો "કોઈપણ બાર મહિનાનો ગાળો" ગણાશે.

12.4 પોઈન્ટ્સ માસિક બિલીંગ સ્ટેટમેન્ટમાં દેખાશે.

12.5 આરબીએલ બેંક દ્વારા સમયે સમયે બાકાત કરવામાં આતા આવા ખર્ચ સિવાય પ્રોગ્રામ અંતર્ગત ક્રેડિટ કાર્ડને ચાર્જ કરવામાં આવેલ તમામ ખર્ચ પોઈન્ટ્સ મેળવવાને પાત્ર છે. હાલમાં જે ખર્ચ પોઈન્ટ્સ મેળવવાને પાત્ર નથી, તેમાં નીચેનું સામેલ છે, પરંતુ ત્યાં સુધી તે સીમિત નથીઃ

એ) બેલેન્સ ટ્રાન્સફર

બી) રોકડ એડવાન્સ

સી) ફાયનાન્શિયલ ચાર્જ (દા.ત. વિલંબિત ચૂકવણી(લેટ પેમેન્ટ) ફી, અસ્વીકૃત ચેક ચાર્જ, સર્વિસ ફી, ટ્રાન્ઝેક્શન ચાર્જ)

ડી) વિવાદિત ટ્રાન્ઝેક્શન (લેવડદેવડ)

ઈ) કાર્ડ મેમ્બરને ખાસ જણાવવામાં આવ્યું હોય તે સિવાય પેટ્રોલ પંપ/સર્વિસ સ્ટેશન પર કરવામાં આવેલી કોઈ ખરીદી

એફ) પ્રોગ્રામ માટે એનરોલમેન્ટ ફીની ચૂકવણી – મનીટેપ પ્રોગ્રામ માટે, રોકડ

12.6 કાર્ડ મેમ્બર તેમના/તેણીની એનરોલમેન્ટ તારીખ પહેલાં થયેલ કોઈપણ ચાર્જ માટે પોઈન્ટ એકત્ર કરી શકતા નથી.

12.7 ક્રેડિટ કાર્ડ પર કાર્ડ મેમ્બર દ્વારા એકત્ર થયેલ પોઈન્ટ્સ રિડેમ્પ્શન સમયે, તેમના/તેણીના અન્ય ક્રેડિટ કાર્ડના પોઈન્ટ્સ સાથે જોડી શકાતા કે ઉપયોગમાં લઈ શકાતા નથી, અથવા આરબીએલ બેંક દ્વારા ખાસ સૂચિત કર્યા સિવાય અન્ય કોઈ ગ્રાહક લોયલ્ટી પ્રોગ્રામમાં ટ્રાન્સફર કરી શકાતા નથી.

12.8 બેંક પોતાની સંપૂર્ણ મુનસફીના આધારે અપવાદરૂપે ચુનંદા કેટલાંક ક્રેડિટ કાર્ડ્સ/તેમના સંબંધિક કાર્ડ મેમ્બરોને, નિયત કરેલ ખર્ચ અને તેના માટે એકત્ર થયેલ પોઈન્ટ્સ માટે કથિત રોકડ નાણાંકીય મૂલ્ય પસંદ આપવાનું પસંદ કરે તે સિવાય એકત્ર થયેલ પોઈન્ટ્સનું રોકડ અને/અથવા નાણાંકીય મૂલ્ય ગણાશે નહીં.

12.9 પરત કરેલ સામાન અથવા સેવાઓ અથવા બિલીંગ વિવાદમાંથી ઉભી થતી ક્રેડિટ સહિત, જો કોઈ ક્રેડિટ હશે તો તે માટે પોઈન્ટસમાં વ્યવસ્થા કરવામાં આવશે. જો વિવાદિત લેવડદેવડનું સમાધાન કાર્ડમેમ્બરની તરફેણમાં થાય અથવા જ્યાં લેવડદેવડ ઉલટાવવામાં આવી હોય ત્યાં, પ્રમાણસર પોઈન્ટ્સ પણ ઉલટાવવામાં આવશે અને જો પહેલેથી ક્રેડિટ ન કર્યા હોય તો, કાર્ડ મેમ્બરના એકાઉન્ટમાં ક્રેડિટ કરવામાં આવશે. એ જ રીતે, પરત કરવામાં આવેલ સામાન અથવા કાર્ડ મેમ્બરની વિરુદ્ધમાં થયેલ વિવાદિત લેવડદેવડના સમાધાનના કિસ્સામાં, જો પહેલેથી ક્રેડિટ કરવામાં આવ્યા હોય તો, પ્રમાણસર પોઈન્ટ્સ કાર્ડ મેમ્બરના એકાઉન્ટમાંથી રદ/બાદ કરવામાં આવશે. રીડેમ્પ્શન પર, છોડાવેલા(રીડીમ) કરેલા પોઈન્ટ્સ આપમેળે કાર્ડ એકાઉન્ટમાં એકત્ર થયેલ પોઈન્ટ્સમાંથી બાદ થઈ જશે.

12.10 આરબીએલ બેંક દ્વારા, શ્રેષ્ઠ પ્રયત્નોના ધોરણે, પ્રાથમિક કાર્ડ મેમ્બરને ક્રેડિટ કાર્ડના સંબંધમાં કથિત માસિક સ્ટેટમેન્ટની અંતિમ તારીખ પહેલાં એકત્ર થયેલ પોઈન્ટ્સની સંખ્યા વિશે એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં જાણ કરવામાં આવશે.

12.11 કાર્ડ મેમ્બર દ્વારા ક્રેડિટ કાર્ડ સ્વૈચ્છિક રીતે બંધ કરવામાં આવ્યું હોય અથવા કોઈ અન્ય કારણોસર રદ કરવામાં આવ્યું હોય તો, ક્રેડિટ કાર્ડના રદીકરણ બાદ કોઈપણ આઉટસ્ટેન્ડિંગ રિવોર્ડ પોઈન્ટ્સ આપમેળે રદબાતલ થઈ જશે અને જપ્ત કરેલા ગણાશે. જો ક્રેડિટ કાર્ડ, કોઈ કારણોસર, આરબીએલ બેંક દ્વારા રોકવામાં આવ્યું હોય અથવા સ્થગિત કરવામાં આવ્યું હોય તો, એકત્ર થયેલ પોઈન્ટ્સ જપ્ત કરેલા ગણાશે પરંતુ આરબીએલ બેંકની સંપૂર્ણ મુનસફીએ, જો ક્રેડિટ કાર્ડનો ઉપયોગ બહાલ કરવામાં આવે તો, પાછા બહાલ થઈ શકે છે.

12.12 પોઈન્ટ્સની ગણતરી, રદબાતલ, રદીકરણ, જપ્તી, ક્રેડિટ, ડેબિટ અને પુનઃસ્થાપના માટે આરબીએલ બેંકનો નિર્ણય અંતિમ, નિર્ણાયક અને કાર્ડમેમ્બરને બંધનકર્તા ગણાશે.

12.13 છોડાવવા (રીડીમ કરવા) માટે ઉપલબ્ધ પોઈન્ટ્સ એટલે એવા પોઈન્ટ્સ જે કાર્ડ મેમ્બર રિવોર્ડ કેટલોગમાંથી મર્ચન્ડાઈઝ(સામાન/સેવાઓ) માટે અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ પાસે ઉપલબ્ધ રિવોર્ડ સર્ટિફિકેટ માટે અથવા ત્વરીત રીડેમ્પ્શન, રોકડ રીડેમ્પ્શન, અને ગિફ્ટ વાઉચર્સ સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તેવા સંબંધિત ક્રેડિટ કાર્ડ માટે નિર્ધારીત કોઈપણ પદ્ધતિ દ્વારા રીતે છોડાવી શકે છે.

12.14 કાર્ડ મેમ્બર સમજે છે કે બેંક, કાર્ડ મેમ્બરને જણાવ્યા બાદ, તેના કોઈપણ પ્રોગ્રામ(પ્રોગ્રામ્સ)માં (હવે પછીથી "રકમ") કાર્ડ મેમ્બરની હિસ્સેદારી માટેની રકમ ડેબિટ કરી શકે છે. આ પ્રકારે રકમ ડેબિટ થયા બાદ, કાર્ડ મેમ્બર દ્વારા કાર્ડના વપરાશના સંદર્ભમાં બેંક દ્વારા મોકલવામાં આવતા સ્ટેટમેન્ટ મળ્યાની તારીખથી 7 દિવસની અંદર લેખિતમાં પ્રોગ્રામમાં હિસ્સેદારી ન કરવાના તેમના નિર્ણયની જાણ બેંકને કરવામાં આવે તો, બેંક દ્વારા તે રકમ કાર્ડ મેમ્બરના એકાઉન્ટમાં પાછી ક્રેડિટ કરવામાં આવશે.

12.15 એક સ્ટેટમેન્ટ સાયકલમાં કાર્ડ મેમ્બર દ્વારા કમાવેલ પોઈન્ટની સંખ્યા કાર્ડ મેમ્બરને જણાવવામાં આવશે. આ રિવોર્ડ પોઈન્ટ્સ છોડાવવાનો દર અને પદ્ધતિ સંપૂર્ણપણે બેંકની મુનસફીને આધીન રહેશે અને બેંક કોઈપણ પૂર્વ જાણકારી આપ્યા વગર કોઈપણ સમયે દર બદલી શકે છે.

12.16 જો સંબંધિત તારીખે, જો કાર્ડ સુવિધા પાછી ખેંચવામાં આવી હોય અથવા રદ કરવામાં આવી હોય અથવા કાર્ડ એકાઉન્ટ ઓવરડ્યૂ એકાઉન્ટ દેખાતું હોય તો, પોઈન્ટનો સંગ્રહ કે રીડેમ્પ્શન માન્ય કરવામાં આવશે નહીં.

12.17 કાર્ડ મેમ્બર તેમના પોઈન્ટ્સ અન્ય વ્યક્તિ ટ્રાન્સફર કરી શકતા નથી કે તેમના દ્વારા બેંકના અન્ય કોઈ કાર્ડ સાથે તેને મિશ્ર કરી શકતા નથી. તેમ છતાં, બેંક, તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, કેટલાંક કિસ્સાઓમાં, નિર્ધારીત યોજનાઓમાં પોઈન્ટ્સ ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી શકે છે, અને તે વિશે સમયે સમયે કાર્ડ મેમ્બરને જાણ કરવામાં આવી શકે છે.

12.18 બેંક દ્વારા પોઈન્ટ્સની ગણતરી અંતિમ, નિર્ણાયક અને કાર્ડ મેમ્બરને બંધનકર્તા ગણાશે અને કોઈપણ કારણોસર વિવાદ કે પ્રશ્નોને આધીન ગણાશે નહીં.

12.19 એકત્ર થયેલ પોઈન્ટ્સ જો કાર્ડ મેમ્બર દ્વારા 24 મહિનાની અંદર છોડાવવામાં(રીડીમ કરવામાં) નહીં આવે તો તે સમાપ્ત થઈ જશે અને જપ્ત થયેલા ગણાશે.

12.20 આરબીએલ બેંકને પોઈન્ટ્સના રીડેમ્પ્શન માટેની વિનંતી મળ્યાના સમયે ક્રેડિટ કાર્ડ ઓવરડ્યૂ, સ્થગિત, બ્લોક, રદ કે સમાપ્ત ન હોવું ફરજીયાત છે.

12.21 કમાવેલા પોઈન્ટ્સ અતિરિક્ત કાર્ડ મેમ્બર નહીં પરંતુ પ્રાથમિક કાર્ડ મેમ્બર દ્વારા જ છોડાવી(રીડીમ કરાવી) શકાય છે.

12.22 પ્રોગ્રામ કેટલોગમાં વિગતવાર આપ્યા અનુસાર અને સમયે સમયે આરબીએલ બેંક દ્વારા ફાળવવામાં આવતા મેઈલર અનુસાર, ભાગ લેતાં મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ ખાતેથી વિવિધ પ્રકારના રિવોર્ડ્સ માટે પોઈન્ટ્સ છોડાવી(રીડીમ કરાવી) શકાય છે, જેમ કે, મર્ચન્ડાઈઝ, ખરીદી, ભોજન, મુસાફરી, મનોરંજન, ફી મુક્તિ, ફાયનાન્શિયલ સેવાઓ, ક્રેડિટ કાર્ડ અપગ્રેડ

12.23 રીડેમ્પ્શન વિનંતી મૂકવા માટે કાર્ડ મેમ્બરે www.rblrewards.com પર નોંધણી કરાવવી જરૂરી છે. તેમના સંબંધિત પોઈન્ટ્સના રીડેમ્પ્શન માટે પોઈન્ટ્સની સ્થિતિ અને વિકલ્પો જોવા માટે કાર્ડ મેમ્બર વેબસાઈટ જોઈ શકે છે.

12.24 રીડેમ્પ્શન સર્ટિફિકેટ્સ/વાઉચર્સ અથવા ઉપહારની ડિલીવરીમાં વિલંબ અથવા નુકસાન માટે આરબીએલ બેંક જવાબદાર ગણાશે નહીં.

12.25 છોડાવેલા પોઈન્ટ્સ(રીડીમ કરેલા) અન્ય રિવૉર્ડ્સ માટે એક્સચેન્જને, રીફંડને, ફેરબદલ કરવાને કે કોઈપણ પરિસ્થિતિમાં રોકડ કે ક્રેડિટમાં તબદિલ કરવાને પાત્ર નથી અને આવા રીડીમ કરેલા પોઈન્ટ્સને ફરીથી પોઈન્ટ્સમાં તબદિલ કરી શકાતા નથી. જો કોઈ અન્ય હિસ્સેદાર લોયલ્ટી પ્રોગ્રામ હોય તો તેના માટે એકવાર એક્સચેન્જ કરાવેલ પોઈન્ટ્સ પાછા ટ્રાન્સફર કરી શકાતા નથી.

12.26 તમામ રિવૉર્ડ્સ ઉપલબ્ધતાને આધીન છે અને અમુક નિયંત્રણો લાગૂ પડી શકે છે. પ્રત્યેક રિવૉર્ડ માટે રીડેમ્પ્શન માટેની પ્રક્રિયા અને અતિરિક્ત નિયમો અને શરતો કાર્ડ મેમ્બરને ફાળવવામાં આવેલ રીડેમ્પ્શન સર્ટિફિકેટ/વાઉચર્સમાં પ્રગટ કરવામાં આવશે.

12.27 કોઈપણ અતિરિક્ત ભોજન, પરિવહન, વસવાટ વ્યવસ્થા, કૂરીયર અથવા રિવૉર્ડના રીડેમ્પ્શનના સંબંધમાં થયેલ કોઈપણ અન્ય ખર્ચ સંપૂર્ણપણે કાર્ડ મેમ્બરની જવાબદારી રહેશે.

12.28 ભોજન, મુસાફરી કે હોટલ વસવાટ માટે રીડેમ્પ્શન સર્ટિફિકેટની ફાળવણીનો અર્થ રીઝર્વેશન થતો નથી. તમામ રીઝર્વેશન્સ કરાવવા માટે અને તેમના/તેણીના દ્વારા છોડાવવામાં(રીડીમ કરવામાં) આવી રહેલા રિવૉર્ડ્સની ભાગ લેનાર મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ(એસ્ટાબ્લીશમેન્ટ્સ)ને જાણ કરવાની જવાબદારી કાર્ડ મેમ્બરની છે.

12.29 ક્રેડિટ કાર્ડના ઉપયોગથી સક્રિય થયેલ અન્ય આરબીએલ બેંક ફાયદાઓ, પ્રોગ્રામ અંતર્ગત રિવૉર્ડ તરીકે મળેલ સામાન કે સેવાઓને લાગૂ પડતા નથી.

12.30 પોઈન્ટ માટે છોડાવેલ (રીડીમ કરેલ) ઉત્પાદન અને/અથવા સેવાઓમાં કોઈ ક્ષતિ અથવા ઉણપ અથવા પોઈન્ટ્સનો ઉપયોગ ન કરવા કે કરવા બદલ ઉભા થતા કોઈ દાવા, અથવા ભોજન, મુસાફરી કે હોટેલ વસવાટ માટે રીડેમ્પ્શન સર્ટિફિકેટના ઉપયોગમાં, અથવા પોઈન્ટ્સના રીડેમ્પ્શન દ્વારા મળેલ કોઈ ઉત્પાદન/સેવાના ઉપયોગ, ટકાઉપણા, મર્ચન્ટેબિલીટી સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તેમ, પોઈન્ટમાંથી છોડાવેલ(રીડીમ કરેલ) કોઈપણ ઉત્પાદન અને/અથવા સેવાઓ માટે કોઈપણ રીતે, કોઈપણ પરિસ્થિતિમાં આરબીએલ બેંક જવાબદાર ગણાશે નહીં.

12.31 પ્રોગ્રામમાં પોઈન્ટસની કમાણી અને રીડેમ્પ્શનના સંબંધમાં છેતરપિંડી અને/અથવા દુરુપયોગનું પરિણામ પોઈન્ટ્સની જપ્તીમાં તેમ જ ક્રેડિટ કાર્ડની સમાપ્તિ અને રદીકરણમાં આવી શકે છે.

12.32 કાર્ડ મેમ્બર પાસેથી લેખિતમાં કે અન્ય કોઈ રીતે કોઈ મંજૂરી લીધા વગર, કાર્ડ મેમ્બર દ્વારા પૂરી પાડવામાં આવેલ રિવૉર્ડના રીડેમ્પ્શન સંબંધિત જાણકારીનો ઉપયોગ આરબીએલ બેંક અથવા તેના મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ, વહીવટી હેતુઓ માટે કરી શકે છે.

12.33 પહેલાં જણાવ્યાં અનુસાર અથવા અન્ય રીતે, પોઈન્ટસના રીડેમ્પ્શન પર કાર્ડ મેમ્બરને ઉભા થતા અથવા ભેગા થતાં અને સરકાર, અન્ય કોઈ સત્તા, નિગમ કે અન્ય કોઈ હિસ્સેદાર મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સને ચૂકવવા પાત્ર ટેક્સ કે અન્ય જવાબદારી કે ચાર્જ સંપૂર્ણપણે કાર્ડમેમ્બરના એકાઉન્ટમાંથી જશે.

12.34 કાર્ડ મેમ્બરને કોઈપણ સૂચના આપ્યા વગર કોઈપણ સમયે, આરબીએલ બેંક પ્રોગ્રામને રદ કરવાનો, રિવૉર્ડ બદલવાનો કે તેનો વિકલ્પ આપવાનો, રિવૉર્ડની શરતો, પોઈન્ટ ગણતરીનો આધાર અથવા નિયમો અને શરતો બદલવાનો અધિકાર ધરાવે છે. આરબીએલ બેંક, તેને જરૂર લાગે ત્યારે ગમે ત્યારે, કમાવેલ પોઈન્ટ્સ પરત્વે કોઈ જવાબદારી વગર પ્રોગ્રામ સ્થગિત કે સમાપ્ત કરી શકે છે.

12.35 પ્રોગ્રામ અંતર્ગત હિસ્સો લેતા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ/કો બ્રાન્ડેડ વાણિજ્યિક કે વેપારી એકમ દ્વારા પૂરી પાડેલ/પૂરી પાડવાની સંભાવનાવાળા સામાન અને/અથવા સેવાઓના પ્રકાર, ગુણવત્તા અને ચુસ્તતાના સંદર્ભમાં, સ્પષ્ટ રીતે અથવા ગર્ભિત રીતે કોઈ વોરંટી કે રજૂઆત કરવામાં આવતી નથી. મર્ચન્ડાઈઝ, જ્યાં પણ લાગૂ પડે ત્યાં, ઉત્પાદક તરફથી વોરંટીની જાણકારી સાથે હોઈ શકે છે અને કોઈપણ દાવા સંપૂર્ણપણે સીધા જ ઉત્પાદક અથવા સર્વિસ પ્રોવાઈડર અથવા કો બ્રાન્ડેડ વાણિજ્યિક અથવા વેપારી એકમ સમક્ષ જ કરવાના રહેશે.

12.36 પ્રોગ્રામ અંતર્ગત રિવૉર્ડ તરીકે મળેલ સામાન અથવા સેવાઓ સંબંધિત કોઈપણ વિવાદ કાર્ડ મેમ્બર અને સામાન અથવા સેવાઓ પૂરી પાડનાર હિસ્સેદાર મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ વચ્ચે સુલઝાવવામાં આવશે. પ્રત્યેક પ્રોગ્રામ અલગ નિયત કરેલ નિયમો અને શરતો (હવેથી 'પ્રોગ્રામના નિયમો અને શરતો") દ્વારા સંચાલિત કરવામાં આવશે.

12.37 તેમ છતાં, આવા પ્રોગ્રામના નિયમો અને શરતો કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ સાથે સંગત હોવાનું માની શકાય તેવી ત્યાં સંદર્ભિત હોય પરંતુ વ્યાખ્યાયિત ન કરેલ હોય તેવી કોઈ શરતમાં સુધારો કરશે નહીં.

12.38 આરબીએલ બેંક દ્વારા સારી શ્રદ્ધાથી કરવામાં આવેલ આવા કોઈપણ કાર્ય સામે કાર્ડ મેમ્બર, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, આરોપને પાત્ર કોઈપણ નુકસાન, ક્ષતિ, જવાબદારી, ખર્ચ વગેરે માટે દાવો કરવાનો અથવા આરોપ મૂકવાનો અધિકાર ધરાવશે નહીં, અને તે સંબંધમાં કાર્ડ મેમ્બર દ્વારા ક્ષતિપૂર્તિ કરવામાં આવશે અને આરબીએલ બેંકને સંપૂર્ણપણે જોખમરહિત ગણવામાં આવશે.

12.39 પહેલાં જણાવવામાં આવ્યું છે તે છતાં, ફક્ત ચુનંદા કેટલાંક કાર્ડ મેમ્બરોને બેંક દ્વારા મૂલ્ય-સંવર્ધિત (વેલ્યૂ-એડેડ) પ્રોગ્રામો પણ આપવામાં આવે છે. આ સ્પષ્ટ કરવામાં આવે છે કે કથિત પ્રોગ્રામ્સ નિર્ધારીત નિયમો અને શરતોને આધીન છે અને કેટલાંક ચુનંદા ગ્રાહકોને બેંકની મુનસફી પ્રમાણે આપવામાં આવતા વેલ્યૂ-એડેડ લાભ છે.

## 13. 24 કલાક ગ્રાહક સેવા (કસ્ટમર સર્વિસ)

13.1 બેંક આ મેન્યુઅલી અથવા એક ઑટોમેટેડ સિસ્ટમ દ્વારા તે સ્વીકારી શકે છે. તેમ છતાં, બેંક તેની સંપૂર્ણ મુનસફી પ્રમાણે, ટેલિફોન દ્વારા આપવામાં/પહોંચાડાતી જાણકારી/લેવડદેવડનો પ્રકાર નક્કી કરી શકે છે. વિનંતી પ્રોસેસ કરતાં પહેલાં કાર્ડ મેમ્બરની ઓળખને અધિકૃત કરવાનો અધિકાર બેંક ધરાવે છે.

13.2 આ પ્રકારની સૂચનાઓ પર બેંક એક સારી શ્રદ્ધતાથી કામ કરતી હોવાથી બેંકને જવાબદાર ન ગણવા માટે કાર્ડ મેમ્બરે મંજૂર કરવાનું રહેશે.

13.3 બેંક તેની સંપૂર્ણ મુનસફી પ્રમાણે આવી સૂચનાઓ ટેપ કે રેકોર્ડ કરી શકે છે અને કોઈપણ કાર્યવાહીઓમાં પુરાવા તરીકે આવી ટેલિફોનિક સૂચનાઓની ટ્રાન્સ્ક્રીપ્ટ્સ પર આધાર રાખી શકે છે.

13.4 કાર્ડ મેમ્બરની વિનંતી પર બેંક કાર્ડ એકાઉન્ટના સંદર્ભમાં ઈ-મેઈલ દ્વારા (બેંક સાથે રજીસ્ટર્ડ ઈ-મેઈલ પર) નાણાંકીય જાણકારી મોકલી શકે છે જે અંગત કે ગોપનીય પ્રકારની હોઈ શકે છે અને જો આવી જાણકારી કોઈ ત્રીજા પક્ષની જાણમાં આવે તો તેઓ કોઈપણ રીતે બેંકને જવાબદાર ગણશે નહીં.

13.5 આ પ્રકારની સૂચનાઓનું પાલન કરવામાં, બેંક શ્રેષ્ઠ પ્રયત્નોના ધોરણે કામ કરશે અને તેમની સૂચનાઓ અનુસાર તાત્કાલિક અથવા સંપૂર્ણ કામ કરવામાં બેંક દ્વારા થયેલ વિલંબ કે અસક્ષમતા માટે જવાબદાર ગણાશે નહીં.

13.6 જો બેંકની પાસે આ સૂચનાઓ યોગ્ય ન માનવાના કારણો હોય અથવા સુવિધા પાછી ખેંચવામાં કે સ્થગિત કરવામાં આવી હોય તો આવી સૂચનાઓ પર આગળ કામ ન કરવાનો અબાધિત અધિકાર બેંક ધરાવે છે.

13.7 બેંક દ્વારા કરવામાં આવેલ કોઈપણ લેવડદેવડની વિગતો કે માહિતીમાં વિસંગતિ હોવાના કિસ્સામાં, બેંક તરફથી સલાહ મળ્યાના ત્રીસ(30) દિવસની અંદર આ વિસંગતિ વિશે બેંકને જાણ કરવાની જવાબદારી કાર્ડ મેમ્બરની રહેશે. કોઈ પ્રશ્નના નિરાકરણ માટે બેંક દ્વારા પૂરો પાડવામાં આવેલ પ્રતિભાવ કાર્ડ મેમ્બરના સંતોષ મુજબનો ન હોય તેવા કિસ્સામાં, બેંકમાં ઉપલબ્ધ એસ્કલેશન પ્રણાલી અંતર્ગત અથવા બાહ્ય મંચ જેમ કે બેંકિંગ લોકપાલ અંતર્ગત મુદ્દાને એસ્કલેટ કરવાનો વિકલ્પ કાર્ડ મેમ્બર પાસે ઉપલબ્ધ છે. કાર્ડ મેમ્બર દ્વારા અશ્લીલ અને અશિષ્ટ ભાષાનો ઉપયોગ સ્વીકારવામાં આવશે નહીં અને જો આ પ્રકારના કિસ્સા મળ્યા તો, સંબંધની સમાપ્તિ સહિત જરૂરી આવશ્યક પગલાં બેંક દ્વારા શરૂ કરવામાં આવી શકે છે.

13.8 બેંક દ્વારા કથિત સુવિધા પૂરી પાડવાને ધ્યાનમાં લઈને કાર્ડ મેમ્બરે ક્ષતિપૂર્તિ કરવાની રહેશે અને આ સુવિધાના પરિણામરૂપે અથવા તેના ઉપયોગને કારણે બેંકને થનાર અથવા ભોગવવાપાત્ર તમામ પગલાં, દાવા, માંગણીઓ, કાર્યવાહીઓ, નુકસાન, ક્ષતિ, ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ સામે બેંકની ક્ષતિપૂર્તિ કરવાની રહેશે.

## 14. ઇન્ટરનેટ બેંકિંગ

14.1 કોઈ ઈન્ટરનેટ લેવડદેવડ કરતી વખતે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999, ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000 અને કોઈપણ શરતો, કાયદાઓ, તે અંતર્ગત કોઈ સૂચનાઓ અને સમયે સમયે લાગૂ પડતાં કોઈ અન્ય કાયદા સહિત અન્ય લાગૂ એક્ટ સાથે સુસંગત વિદેશી વિનિમયનો કોઈપણ આઉટફ્લો તેમણે જ હાથ ધરવાની કાર્ડ મેમ્બરે મંજૂરી આપવાની રહેશે. બેંક, તેની સંપૂર્ણ મુનસફી અનુસાર, કોઈપણ વ્યક્તિ દ્વારા એકાઉન્ટ જાણકારીની અનધિકૃત અને ગેરકાનૂની ઉપયોગ સામે સુરક્ષા માટે કાર્ડ મેમ્બર દ્વારા કોઈ ઈન્ટરનેટ લેવડદેવડને નકારી શકે છે.

14.2 આ સુવિધાનો ઉપયોગ કરવા માટે કાર્ડ મેમ્બરને નિશ્ચિત પર્સનલ આઈડેન્ટિફીકેશન નંબર (પિન) પણ આપવામાં આવી શકે છે. કથિત નંબરની સુરક્ષાની જવાબદારી કાર્ડમેમ્બરની રહેશે અને કોઈપણ અન્ય વ્યક્તિ સામે કથિત નંબર શેર કરવાનો કે પ્રકટ કરવાનો રહેશે નહીં.

14.3 ભારત સરકાર દ્વારા નિષિદ્ધ અને ગેરકાનૂની ઘોષિત થયેલ ગેમિંગ અને અશ્લીલ વેબસાઈટોની મુલાકાત માટે કાર્ડ/કાર્ડ નંબરનો ઉપયોગ ન કરવાની કાર્ડ મેમ્બરે સંમતિ આપવાની રહેશે. આમ કરવાથી, તેઓ તેમની સામે કોઈપણ કાનૂન કાર્યવાહીને પાત્ર બની શકે છે અને બેંક તેના માટે જવાબદાર ગણાશે નહીં.

14.4 વેબસાઈટ પર આપવામાં આવેલ જાણકારી સાહિત્ય બદલાવને આધીન છે. બેંકની સિસ્ટમમાં પ્રવેશ, પાસવર્ડનો દુરુપયોગ અથવા વેબસાઈટ પર પોસ્ટ કરેલ કોઈ જાણકારીનો દુરુપયોગ સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તેમ બેંક ની વેબસાઈટનો અનધિકૃત ઉપયોગ સખ્તાઈથી નિષિદ્ધ છે. આમ કરવાથી, ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ, 2000ની જોગવાઈઓ અંતર્ગત અને તે સમયે લાગૂપાત્ર અન્ય કાયદાઓ અંતર્ગત કાર્ડમેમ્બર કાનૂની પગલાંને પાત્ર બનશે.

14.5 બેંક દ્વારા ઈન્ટરનેટ બેંકિંગ સુવિધાની આપૂર્તિને ધ્યાનમાં રાખીને. કાર્ડ મેમ્બરે ક્ષતિપૂર્તિ કરવાની રહેશે અને આ સુવિધાના પરિણામરૂપે અથવા તેના ઉપયોગને કારણે બેંકને થનાર અથવા ભોગવવાપાત્ર તમામ પગલાં, દાવા, માંગણીઓ, કાર્યવાહીઓ, નુકસાન, ક્ષતિ, ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ સામે બેંકની ક્ષતિપૂર્તિ કરવાની રહેશે.

14.6 કોઈપણ કારણ આપીને કે આપ્યા વગર, અથવા તે માટે કોઈ નોટિસ આપ્યા વગર, બેંક કોઈપણ વપરાશકર્તાનો એક્સેસ સમાપ્ત કરવાનો અધિકાર ધરાવે છે.

## 15. વન ટાઈમ પાસવર્ડ ("ઓટીપી") નિયમો અને શરતો

15.1 ઓટીપી બેંકની સિસ્ટમમાં રેકોર્ડ થયેલ મોબાઈલ નંબર પર એસએમએસ દ્વારા મોકલાતો વન ટાઈમ પાસવર્ડ છે. ઈન્ટરનેટ અથવા મોબાઈલ બેંકિંગ દ્વારા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને લેવડદેવડ કરવા માટે ઓટીપી જરૂરી છે. જ્યારે ક્રેડિટ કાર્ડ હાજર ન હોય તેવી લેવડદેવડમાં દાખલા તરીકે ઈન્ટરનેટ, આઈવીઆર વગેરે પર કરવામાં આવતી લેવડદેવડ માટે ઓટીપી જનરેટ કરવામાં આવે છે અને તેને જનરેટ કર્યાના સમયથી 15 મિનિટ માટે જ માન્ય છે.

15.2 કાર્ડ મેમ્બર મંજૂર કરે છે અને સ્વીકારે છે કે મોબાઈલ ફોન સર્વિસ પ્રોવાઈડર(પ્રોવાઈડર્સ)ને અસર કરતાં પરિબળ(પરિબળો) અને બેંકના નિયંત્રણની બહારના અન્ય પરિબળોને અસર કરતાં દ્વારા મોડો મળી શકે છે અથવા રોકાઈ શકે છે. બેંક ઓટીપીની ડિલીવરીની બાંયધરી આપતી નથી. કાર્ડ મેમ્બર બેંક, તેના ડિરેક્ટરો, અધિકારીઓ, કર્મચારીઓ અને એજન્ટોને નીચેના દ્વારા સંપૂર્ણ અથવા ભાગમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉભી થકી વકીલની ફી સહિત, કોઈપણ અને તમામ નુકસાન અથવા ક્ષતિઓથી મુક્ત અને જોખમરહિત રાખવાનુ મંજૂર કરે છેઃ

એ) ઓટીપીની નોન-ડિલીવરી, વિલંબિત ડિલીવરી અથવા અયોગ્ય ડિલીવરી;

બી) તેના પરિણામરૂપે બેંક ક્રેડિટ કાર્ડ પર લેવડદેવડ કરવામાં કાર્ડ મેમ્બરની નિષ્ફળતા અથવા અસક્ષમતા; અને

સી) ઓટીપી.14.3ના ગેરઉપયોગ, અનધિકૃત ઉપયોગ, નુકસાન અથવા ચોરીના કારણે કાર્ડ મેમ્બરને સહેવા પડેલા અથવા ભોગવવા પડેલા કોઈ નુકસાન અથવા ક્ષતિ. ઓટીપીની સુરક્ષાના સંદર્ભમાં બેંક દ્વારા તેની સંપૂર્ણ મુનસફી અનુસાર કોઈપણ સમયે અને સમયે સમયે નિર્ધારીત કરવામાં આવતી તમામ જરૂરીયાતો, સૂચના અને નિર્દિષ્ટતાઓનું કાર્ડ મેમ્બરે પાલન કરવાનું રહેશે. પૂર્વોક્ત વિશે અચોક્કસતા સામે કોઈ પક્ષપાત વગર, કાર્ડ મેમ્બર દ્વારા અન્ય કોઈપણ વ્યક્તિને ઓટીપીનો ઉપયોગ કરવાની મંજૂરી કે સંમતિ આપવામાં આવશે નહીં.

15.3 ઓટીપીને ગોપનીય રાખવાની જવાબદારી કાર્ડ મેમ્બરની રહેશે. કાર્ડ મેમ્બરે અન્ય કોઈ પક્ષ સમક્ષ ઓટીપી જાહેર કરાશે નહીં અને અન્ય પક્ષ ને/દ્વારા પાસવર્ડ અને/અથવા ઓટીપીના પ્રકટીકરણ અથવા શોધને રોકવા માટે તમામ જરૂરી પગલાં લેવાના રહેશે. ઓટીપીની તેમ જ જે મોબાઈલ ફોન અથવા સાધન જેમાં ઓટીપી મળ્યો હોય તેની સુરક્ષાની ખાતરી માટે અને અનધિકૃત વપરાશથી તેમને બચાવવા માટે કાર્ડ મેમ્બર જવાબદાર છે.

15.4 ઓટીપીના ઉપયોગથી કરવામાં આવેલ તમામ લેવડદેવડ માટે કાર્ડ મેમ્બર જવાબદાર રહેશે.

15.5 24 કલાક ગ્રાહક સેવાને કોલ કરીને કાર્ડ મેમ્બરે તાત્કાલિક બેંકને જાણ કરવાની રહેશે:

એ) જો બેંક સાથે નોંધાયેલ કોઈ નંબર અથવા સાધન ગુમ થઈ જાય અથવા ચોરાઈ જાય, અથવા ધાર્યા મુજબ કામ કરવામાં નિષ્ફળ જાય,

બી) જો ઓટીપીની સુરક્ષા અથવા ગુપ્તતા સાથે સમાધાન થયાની શંકા વિશે કાર્ડ મેમ્બરને કોઈ જાણકારી હોય અથવા કોઈ કારણ હોય, અથવા ઓટીપીનો કોઈ અનધિકૃત રીતે ઉપયોગ થયો હોય અથવા

સી) ઓટીપીના જનરેશન અને/અથવા પ્રાપ્તિ માટે કાર્ડ મેમ્બર દ્વારા વપરાતા કોઈ મોબાઈલ ફોન અથવા અન્ય સાધન (જે પણ હોય) ગુમ થયો હોય, બદલાયો હોય અને/અથવા નંબરમાં ફેરફાર થયો હોય. કોઈપણ ઉપરોક્તના પાલનમાં કાર્ડ મેમ્બર દ્વારા નિષ્ફળતા દ્વારા કે તેના સંબંધમાં ઉભા થયેલ તમામ નુકસાન અને પરિણામો માટે સંપૂર્ણપણે કાર્ડ મેમ્બર જવાબદાર રહેશે. કાર્ડ મેમ્બરની બેદરકારીને કારણે ઓટીપીના લોપ, ચોરી કે ગેરઉપયોગને કારણે ઉભી થતી જવાબદારીઓ કાર્ડ મેમ્બરે ભોગવવાની રહેશે.

15.6 જો કાર્ડ મેમ્બરને લાગે કે ઓટીપીનો દુરૂપયોગ થઈ રહ્યો છે અથવા યોગ્ય અધિકૃતતા વગર તેનો ઉપયોગ થઈ રહ્યો છે તો કાર્ડ મેમ્બર કોઈપણ લેવડદેવડને નકારવાનો અધિકાર ધરાવે છે.

15.7 કોઈપણ કારણ આપ્યા વગર બેંકને જરૂર લાગે ત્યારે ઓટીપીનું રીપ્લેસમેન્ટ કરવાનો અથવા સુધારા કરવાનો અને નોટિસ આપ્યા વગર રદ કરવાનો કોઈપણ સમયે, સમયે સમયે સંપૂર્ણ મુનસફીનો અધિકાર બેંક ધરાવશે અને તેના પરિણામરૂપે કોઈપણ નુકસાન કે ક્ષતિ માટે જવાબદાર ગણાશે નહીં.

## 16. ટ્રાન્સફર અને ચૂકવણી(પે)

વેબસાઈટ www.rblbank.com પર ટ્રાન્સફર અને ચૂકવણી(પે) માટેના નિયમો અને શરતો તપાસો

## 17. થર્ડ પાર્ટી(ત્રીજા પક્ષ)/સર્વિસ પ્રોવાઈડરની નિમણૂંક

17.1 કાર્ડ મેમ્બર અન્ય સંલગ્ન આરબીએલ બેંક/શાખાઓ/સબસિડીઅરી/બેંકો/નાણાંકીય સંસ્થાઓ/ક્રેડિટ બ્યૂરો/એજન્સીઓ/નિયમનકારી સત્તાઓ/વૈધાનિક સત્તાઓ/કર સત્તાઓ/ઈન્ફર્મેશન બ્યૂરો/બીએફએલ/અન્ય આવી વ્યક્તિઓ જે આરબીએલ બેંકને જરૂરી લાગે અથવા યોગ્ય લાગે તેની સાથે તેની/તેણીની અરજી સંબંધિત તમામ જાણકારી, ડેટા અથવા દસ્તાવેજ આરબીએલ બેંક અને તેને સંલગ્ન સંસ્થાઓ સાથે એક્સચેન્જ કરવાની, શેર કરવાની અથવા દૂર કરવાની અથવા આવી વ્યક્તિઓ દ્વારા કથિત જાણકારી/ડેટાના ઉપયોગ કે પ્રોસેસિંગ માટે અથવા પ્રોસેસ કરેલ જાણકારી/લેવડદેવડનો ડેટા/તેના ઉત્પાદનો રજૂ કરવા માટે બેંકને જરૂરી અને યોગ્ય લાગે ત્યાં એક્સચેન્જ, શેર કે દૂર કરવાની આરબીએલ બેંક અને તેને સંલગ્ન સંસ્થાઓને બાંયધરી અને અધિકૃતતા આપે છે અને આ જાણકારીના ઉપયોગ માટે આરબીએલ બેંકને જવાબદાર ગણશે નહીં. તેમ છતાં, ત્રીજા પક્ષના કાર્ય કે ચૂકને કારણે ઉભી થતી કોઈપણ પરિસ્થિતિઓ માટે બેંક જવાબદાર ગણાશે નહીં. બાકી આઉટસ્ટેન્ડિંગ/રકમ રીકવર કરવા માટે બેંકને થયેલ તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચ ઉપરાંત આ પ્રકારના ત્રીજા પક્ષ સર્વિસ પ્રોવાઈડરને કલેકશન માટે કરવામાં આવેલ તમામ ચૂકવણીઓ કાર્ડ મેમ્બરના ખર્ચ અને જોખમમાંથી કાપવામાં આવશે. ચૂકવણીના અમલ(એન્ફોર્સમેન્ટ) માટે મુદ્દાને એજન્ટ સુધી લઈ જવાનું કે કાનૂની રસ્તો લેવાનું જરૂરી લાગે તો બાકી દેવાના કલેક્શન, કાનૂની ખર્ચ અને વ્યાજ સાથેની વિવેકાધીન રકમ સાથે સંબંધિત તમામ ખર્ચ માટે કાર્ડ મેમ્બર જવાબદાર રહેશે.

17.2 કોઈ પણ નાણાકીય સહાય/સુવિધાઓ/નાણાકીય/ક્રેડિટ સુવિધા અથવા તેની પરના વ્યાજ/ચાર્જિસની ચૂકવણી અથવા ફેરચૂકવણીમાં ડિફોલ્ટ કરે છે તો, આરબીએલ બેંક અને/અથવા આરબીઆઈ પાસે આવા કાર્ડ સભ્ય/અથવા તેના ડાયરેક્ટર્સ/ભાગીદારો/એડ-ઓન કાર્ડ ધારકોના નામો અને ડિફોલ્ટની વિગતોને એવી રીતે અથવા એવા માધ્યમે જાહેર અથવા પ્રકાશિત કરવાનો અબાધિત અધિકાર રહેશે જે આરબીએલ બેંક અથવા RBIને તેની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને ઠીક લાગે. ક્રેડિટ ઈન્ફોર્મેન્શ કંપનીઝ(રેગ્યૂલેશન) એક્ટ, 2005ના સંદર્ભમાં કાર્ડ મેમ્બરના ક્રેડિટ ઇતિહાસ/પુનઃચૂકવણી રેકોર્ડ અને/અથવા બાકી સ્થિતિ પછીના દિવસો સંબંધિત વિગતો આરબીએલ બેંક ક્રેડિટ ઈન્ફોર્મેશન બ્યૂરોને આપી શકે છે. ક્રેડિટ કાર્ડ માટે કોઈ અરજીની સ્વીકૃતિનો આધાર કાર્ડ મેમ્બરની ક્રેડિટ યોગ્યતાના વિપરીત અહેવાલ ન મળવા પર રહેલો છે. કાર્ડ એકાઉન્ટમાં કોઈ વિસંગતતા વિશે અથવા કાર્ડ અથવા અન્ય રીતે કાર્ડ મેમ્બરની ક્રેડિટ સુવિધા પાછી ખેંચવા માટે આરબીએલ બેંક અન્ય બેંક અને નાણાંકીય એકમોને જાણ કરી શકે છે. વિપરીત રિપોર્ટ (કાર્ડ મેમ્બર અથવા તેના પરિવારજનોની ક્રેડિટ યોગ્યતાના સંબંધમાં) પ્રાપ્ત થવાના આધારે, આરબીએલ બેંક, લેખિતમાં 15 દિવસની આગોતરી નોટિસ પાઠવીને ક્રેડિટ કાર્ડને રદ કરી શકે છે અને તે સંજોગોમાં કાર્ડ એકાઉન્ટ પરનું તમામ આઉટસ્ટેન્ડિંગ બેલેન્સ તેમ જ બિલ થવાના બાકી હોય તેવા કાર્ડના ઉપયોગથી થયેલ કોઈપણ વધુ ચાર્જ કાર્ડ મેમ્બર દ્વારા તાત્કાલિક ચૂકવવાના રહેશે. આરબીએલ બેંકને કઈ બેંક/નાણાંકીય એકમ પાસેથી જાણકારી મળી છે અથવા કોને તેમણે જાણકારી આપી છે તે વિશે કાર્ડ મેમ્બરને જણાવવા માટે આરબીએલ બેંક વચનબદ્ધ રહેશે નહીં.

## 18. ક્રેડિટ કાર્ડ પુનઃફાળવણી અને રીપ્લેસમેન્ટ

18.1 જો કાર્ડ ક્ષતિગ્રસ્ત બને/નુકસાન પામે, ખરાબ થાય, ખોવાઈ જાય કે ચોરાઈ જાય તો કાર્ડ મેમ્બર બેંકની કોઈપણ શાખા ખાતે ક્રેડિટ કાર્ડના રીપ્લેસમેન્ટ માટે જણાવી શકે છે અથવા ગ્રાહક સેવા ખાતે 24 કલાક ટોલ ફ્રી નંબર 1800 121 9050 પર વિનંતી નોંધાવી શકે છે. આવા તમામ રીપ્લેસ થયેલ ક્રેડિટ કાર્ડ રીપ્લેસમેન્ટના સમયે પ્રવર્તમાન દરે બેંકની મુનસફીને આધારે પૂરા પાડવામાં આવશે. ક્ષતિગ્રસ્ત થયેલ કાર્ડ નિશ્ચિતપણે ન વપરાવું જોઈએ અને તેને મેગ્નેટીક પટ્ટી પાસે લંબમાં કાપીને તાત્કાલિક બેંકને પરત કરવું જોઈએ. ઉપરાંત, ચીપને બે ટુકડામાં કાપીને ક્રેડિટ કાર્ડ પરની ચીપ(જો કોઈ હોય તો)નો નાશ કરો.

## 19. સરનામા અને ટેલિફોન નંબરમાં ફેરફાર

19.1 સમયે સમયે બેંક દ્વારા સૂચિત કરવામાં આવતા સરનામે અથવા નિયુક્ત ગ્રાહક સેવા કેન્દ્ર પર લેખિતમાં અથવા ટેલિફોન દ્વારા તેમના સરનામા અને/અથવા કોઈ ટેલિફોન નંબરમાં થયેલ ફેરફાર વિશે કાર્ડ મેમ્બરે તાત્કાલિક બેંકને જણાવવાનું રહેશે. સરનામામાં ફેરફાર વિશેની કોઈપણ વિનંતી સાથે સ્વ-પ્રમાણિત સરનામાનો પુરાવો હોવો જોઈએ.

## 20. જવાબદારીમાંથી બાકાતી

20.1 ઉપરોક્તમાં કોઈપણ પક્ષપાત વગર, નીચેનામાંથી થયેલ કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઉભા થયેલ નુકસાન કે ક્ષતિના સંબંધમાં બેંક કાર્ડ મેમ્બર પ્રત્યેક કોઈ જવાબદારી હેઠળ રહેશે નહીં

એ) પૂરા પાડવામાં આવેલ સામાન અથવા સેવાઓમાં કોઈ ખામી,

બી) કાર્ડની ચૂકવણી કે સ્વીકાર પરત્વે કોઈ વ્યક્તિનો નકાર,

સી) કોઈ ઈલેક્ટ્રોનિક ટર્મિનલમાં ખરાબી

ડી) કાર્ડ મેમ્બર સિવાય અન્ય વ્યક્તિ દ્વારા લેવડદેવડની સૂચના,

ઈ) કાર્ડ પરત કરવાની વિનંતી કરતી કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ કોઈ કથન અથવા તેના સંબંધમાં કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ કોઈ કાર્ય

એફ) બેંકના સ્થળે બેંકના નિયુક્ત કર્મચારી સિવાય અન્ય કોઈને કાર્ડમેમ્બર દ્વારા કાર્ડ આપવું;

જી) બેંક દ્વારા કાર્ડની ઉપર લખેલ એક્સપાયરી તારીખ પહેલાં કાર્ડ સરન્ડર કરવાની અને મેળવવાની માંગના તેમના અધિકારનો ઉપયોગ, પછી ભલે આવી માંગ અને કરેલ સરન્ડર અને/અથવા પ્રાપ્તિ બેંક દ્વારા અથવા કોઈ વ્યક્તિ દ્વારા અથવા કોમ્પ્યુટર ટર્મિનલ દ્વારા કરવામાં આવેલ હોય,

એચ) કોઈપણ કાર્ડ અથવા કાર્ડ એકાઉન્ટ રદ કરવાના બેંકના અધિકારનો ઉપયોગ, અથવા

આઈ) કાર્ડના રીપઝેશન અને/અથવા તેને પરત કરવાની કોઈ વિનંતી અથવા કાર્ડને સમ્માન આપવા કે સ્વીકારવા માટે કોઈ સર્વિસ એસ્ટાબ્લીશમેન્ટ/મેઈલ ઓર્ડર એસ્ટાબ્લીશમેન્ટના નકાર દ્વારા ક્રેડિટ, વ્યક્તિત્વ અને પ્રતિષ્ઠાને થયેલ હાનિનો આરોપ

જે) બેંક દ્વારા પ્રગટ કરવામાં આવેલ કોઈ વિગતોમાં ખોટુ કથન, ખોટી રજૂઆત, ભૂલ અથવા ચૂક. બેંક દ્વારા અથવા બેંક વતી કામ કરતી કોઈ વ્યક્તિ દ્વારા કાર્ડ મેમ્બર દ્વારા બાકી આઉટસ્ટેન્ડિંગની પતાવટ માટેની માંગ કે દાવાના કિસ્સામાં, કાર્ડ મેમ્બરે મંજૂર કરવાનું અને સ્વીકારવાનું રહેશે કે આવી માંગ કે દાવો માનહાનિનું કાર્ય અથવા કોઈપણ રીતે કાર્ડ મેમ્બરના ચરિત્ર માટે હાનિકારક પગલું અથવા તેને હાનિકારક પ્રદર્શિત કરે છે તેમ માનવામાં આવશે નહીં.

## 21. ક્રોસ ડિફોલ્ટ

21.1 કાર્ડ મેમ્બર સ્વીકારે છે કે કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ અંતર્ગત કોઈપણ જવાબદારી પૂરી કરવામાં થયેલ કોઈ ડિફોલ્ટ (ક્ષતિ) કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ અંતર્ગત થયેલ ડિફોલ્ટ માનવામાં આવશે અને બેંક ક્રેડિટ કાર્ડ સુવિધા રદ કરવાના અધિકાર સહિત કથિત એગ્રીમેન્ટ અંતર્ગત કોઈ અથવા તમામ અધિકારોનો ઉપયોગ કરવાનો અધિકાર ધરાવે છે.

21.2 બેંક દ્વારા કાર્ડ મેમ્બરને આપેલ અન્ય કોઈ લોન ફાઈનાન્શિયલ ક્રેડિટ સુવિધાના અને તેનાથી વિપરીત સંદર્ભમાં થયેલ ડિફોલ્ટના કિસ્સામાં ક્રેડિટ કાર્ડ સુવિધા સમાપ્ત કરવાના બેંકના અધિકારને કાર્ડ મેમ્બર સ્વીકારે છે.

## 22. નેટવર્ક પાર્ટનર (માસ્ટર કાર્ડ/ વિઝા/રૂપે) દ્વારા આપવામાં આતી સેવાઓ

22.1 નેટવર્ક પાર્ટનર(માસ્ટર કાર્ડ/વિઝા/રૂપે) દ્વારા કાર્ડ મેમ્બરને કેટલીક આપાતકાલીન સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આવી સેવાઓ નેટવર્ક પાર્ટનર દ્વારા થર્ડ પાર્ટી (ત્રીજા પક્ષના) એજન્ટ્સ દ્વારા આપવામાં આવે છે. નેટવર્ક પાર્ટનર દ્વારા/થકી આપવામાં આવતી આવી આપાતકાલીન સેવાઓ મેળવવામાં થતા ખર્ચ માટે કાર્ડ મેમ્બર જવાબદાર રહેશે.

22.2 નેટવર્ક પાર્ટનર (માસ્ટર કાર્ડ/વિઝા/રૂપે) દ્વારા/થકી શ્રેષ્ઠ પ્રયત્નોના ધોરણે સહાય પૂરી પાડવામાં આવે છે.

22.3 ભારતમાં કે વિશ્વમાં ક્યાંય પણ બેંક નેટવર્ક પાર્ટનર (માસ્ટર કાર્ડ/વિઝા/રૂપે) દ્વારા આપવામાં આવતી સેવાઓની વ્યવસ્થા કે ઉપયોગ માટે જવાબદારી સ્વીકારતી નથી.

## 23. ઈન્શ્યોરન્સ (વીમા) લાભ

ઈન્શ્યોરન્સ કવચ/સુવિધા આપતી સંબંધિત ઈન્શ્યોરન્સ કંપની દ્વારા નિયત કરવામાં આવેલ નિયમો અને શરતો ઉપરાંત, આ નિયમો અને શરતોના હેતુ માટે, નીચેના નિયમો અને શરતો આવા ઈન્શ્યોરન્સ કવચનું નિયમન કરશેઃ

23.1 ।ઈન્શ્યોરન્સ કવચ કાર્ડથી કાર્ડ બદલાઈ શકે છે. કાર્ડ મેમ્બર સમજે છે કે નિશ્ચિત આરબીએલ બેંક કાર્ડ/કો-બ્રાન્ડેડ કાર્ડ અંતર્ગત કાર્ડ મેમ્બરને આપવામાં આવતા નિશ્ચિત કોમ્પ્લીમેન્ટરી ઈન્શ્યોરન્સ કવચને તપાસવું અને સમજવું તેમના/તેણીના માટે જરૂરી છે.

23.2 કાર્ડ મેમ્બર નિશ્ચિતપણે સમજે છે કે કોઈપણ કાર્ડ પર આપવામાં આવેલ કોમ્પ્લીમેન્ટરી કવચ/સુવિધાઓ, જો કોઈ હોય તો, તે કાર્ડની કોઈ એક અથવા વધુ શ્રેણી/પ્રકાર પર ઉપલબ્ધ ન પણ હોઈ શકે.

23.3 ઈન્શ્યોરન્સ કવચ બેંક દ્વારા પૂરા પાડવામાં આવતા નથી. સંબંધિત ઈન્શ્યોરન્સ કંપની દ્વારા ફાળવવામાં આવેલ નીતિઓ અનુસાર બાકાતી/મર્યાદાઓ અને દાવા પ્રક્રિયા લાગૂ પડશે. કાર્ડ મેમ્બર નિશ્ચિતરૂપે સ્વીકારે છે કે પૂરા પાડવામાં આવેલ કોઈપણ ઈન્શ્યોરન્સ કવચના આધારે, કાર્ડ મેમ્બર દ્વારા આ ઈન્શ્યોરન્સ કવચ માટેનું પ્રીમિયમ ચૂકવવામાં આવે કે નહીં, આરબીએલ બેંક કોઈપણ રીતે જવાબદાર ગણાશે નહીં. કાર્ડ મેમ્બર સ્વીકારે છે કે બધા આ ઈન્શ્યોરન્સ સંબંધિત દાવા/મુદ્દાઓ માટે, સંબંધિત ઈન્શ્યોરન્સ કંપની

સંપૂર્ણપણે જવાબદાર રહેશે અને આવા ઈન્શ્યોરન્સ કવચમાં કોઈ ઉણપ કે ક્ષતિ માટે કે તેના સંદર્ભમાં, વળતરની ચૂકવણી અથવા રીકવરી, દાવાનું પ્રોસેસિંગ કે પતાવટ અથવા અન્ય કોઈપણ માટે આ પ્રકારના ઈન્શ્યોરન્સ કવચમાંથી કે તેના સંબંધમાં ઉભા થતા કોઈપણ મુદ્દા માટે કાર્ડ મેમ્બર બેંકને જવાબદાર ગણશે નહીં, અને આવા બધા જ મુદ્દાઓ આરબીએલ બેંકને બાકાત રાખીને સંબંધિત ઈન્શ્યોરન્સ કંપનીને જ જણાવવાના રહેશે અને સીધા તેમની સાથે જ સુલઝાવવાના રહેશે અને આ સંદર્ભમાં આરબીએલ બેંક દ્વારા કોઈ વ્યવહાર કરવામાં આવશે નહીં. તેમ છતાં, આપવામાં આવતા કેટલાંક ઈન્શ્યોરન્સ કવચ માટે ઉપરોક્તમાં નિશ્ચિત અપવાદ હોઈ શકે છે જ્યાં આરબીએલ બેંક ક્લેઈમ દસ્તાવેજ વિશે જાણ કરવામાં અને તેને એકત્ર કરવામાં મદદ કરી શકે છે (પરંતુ તે તેમ કરવા માટે બંધાયેલ નથી) અને આવા ઈન્શ્યોરન્સ કવચના વેચાણ વખતે આ જણાવવામાં આવશે.

23.4 કાર્ડ મેમ્બર સ્વીકારે છે કે આપવામાં આવેલ ઈન્શ્યોરન્સ કવચ કાર્ડ મેમ્બર માટે પ્રચલિત સંબંધિત ઈન્શ્યોરન્સ પોલિસીની શરતો અનુસાર અને તેનું કાર્ડ માન્ય કાર્ડ હોય તે રીતે તે આરબીએલ બેંકનો કાર્ડ મેમ્બર હોય અને રહે ત્યાં સુધી જ ઉપલબ્ધ રહેશે, અને કોઈપણ કારણોસર કાર્ડ મેમ્બરશીપ પાછી ખેંચવા પર (હંગામી કે કાયમી), આવા ઈન્શ્યોરન્સ કવચનો લાભ આપમેળે અને જાતે જ કાર્ડ મેમ્બરશીપ બંધ થવાની તારીખથી ઉપલબ્ધ થવાનો બંધ થઈ જશે. આ ઉપરાંત, કાર્ડ મેમ્બર એ પણ મંજૂર કરે છે કે તેની કાર્ડ મેમ્બરશીપ ચાલુ રહેવા દરમ્યાન પણ, આરબીએલ બેંક કોઈપણ સમયે પૂર્વ નોટિસ આપ્યા વગર (તેની સંપૂર્ણ મુનસફી અનુસાર અને/અથવા તે માટે કોઈ કારણ આપ્યા વગર) આવા ઈન્શ્યોરન્સ કવચના લાભ સ્થગિત કરી શકે છે, પાછા ખેંચી શકે છે કે રદ કરી શકે છે, અને આ લાભ ચાલુ રાખવા માટે આરબીએલ પર કોઈ બંધનકર્તા જવાબદારી રહેશે નહીં.

23.5 સંબંધિત ઈન્શ્યોરન્સ કંપની દ્વારા આ પ્રકારના કવચ પૂરા પાડવામાં આવે છે તે સંબંધિત ઈન્શ્યોરન્સ પોલિસીની અવધિ દરમ્યાન કોઈ નુકસાનના કિસ્સામાં કાર્ડ મેમ્બરને મળવાપાત્ર મહત્તમ રકમ સંબંધિત ઈન્શ્યોરન્સ પોલિસીમાં સૂચવેલ લાભ જેટલી રહેશે.

## 24. એસાઈન્મેન્ટ/સિક્યોરીટાઈઝેશન

કાર્ડ મેમ્બર પ્રત્યક્ષ રીતે જાણે છે અને સ્વીકારે છે કે બેંક, તેણે નક્કી કર્યા અનુસાર (કોઈપણ ખરીદકર્તા, એસાઈની કે ટ્રાન્સફરી વતી કાર્ડ મેમ્બર સામે કાર્યવાહી કરવાના બેંકના અબાધિત અધિકાર સહિત) કાર્ડ મેમ્બરનું આઉટસ્ટેન્ડિંગ અને બાકી દેવું, બેંકની પસંદગીના કોઈ ત્રીજા પક્ષને, કાર્ડ મેમ્બરને બેંક દ્વારા કોઈ સંદર્ભ આપ્યા વગર કે લેખિતમાં જાણ કર્યા વગર સંપૂર્ણ અથવા હિસ્સામાં અથવા બેંક નક્કી કરે તે શરતે કોઈપણ રીતે (વાટાઘાટના સાધન દ્વારા કે અન્ય રીત સહિત) વેચવાનો, કોઈને ફાળવવાનો કે ટ્રાન્સફર કરવાનો અધિકાર ધરાવે છે અને આવું કોઈપણ વેચાણ, ફાળવણી કે ટ્રાન્સફર આવા ત્રીજા પક્ષે વિશિષ્ટ ક્રેડિટર કે બેંક સાથે સંયુક્ત ક્રેડિટર તરીકે સ્વીકારવા પરંતુ બંધનકર્તા ગણાશે, પરંતુ આવા ત્રીજા પક્ષ વતી તમામ સત્તાઓ ચાલુ રાખવાના અને બેંકના નક્કી કર્યા અનુસાર આવા ત્રીજા પક્ષને આવા આઉટસ્ટેન્ડિંગ અને બાકી દેવું ચૂકવવાના અથવા તેને ભરપાઈ કરવાના બેંકના અધિકાર સાથે ચાલુ રહેશે. બેંકને તેના અધિકારોના અમલીકરણ અને આઉટસ્ટેન્ડિંગ અને બાકી દેવાની રીકવરીમાં થયેલ ખર્ચ કાર્ડ મેમ્બરના એકાઉન્ટમાંથી બાદ કરવામાં આવશે.

## 25. પરચૂરણ

25.1 કાર્ડ સંબંધિત કોઈપણ મુદ્દાના સંબંધમાં કાર્ડ મેમ્બર દ્વારા બેંક દ્વારા કોઈ મૌખિક કે ઈલેક્ટ્રોનિક સૂચના અથવા પૂછપરછના પ્રતિભાવમાં જ્યાં બેંક દ્વારા સારી શ્રદ્ધાથી કાર્ય કરવામાં આવે છે, ત્યાં બેંક દ્વારા આવી સારી ભાવનાથી લેવાયેલ પગલાં માટે આરોપ્ય, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાર્ડ મેમ્બર કોઈ નુકસાનનો દાવો કે આરોપ, નુકસાન, જવાબદારી, ખર્ચ, વગેરેને પાત્ર નથી અને કાર્ડ મેમ્બર તેના સંબંધમાં બેંકને જોખમરહિત માનવાનું મંજૂરી કરે છે 24.2 આ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટ અંતર્ગત કાર્ડ એકાઉન્ટ પર આઉટસ્ટેન્ડિંગ સંપૂર્ણ રીતે પૂરૂ ન કરવામાં આવે ત્યાં સુધી કાર્ડ મેમ્બરને જવાબદારીઓથી મુક્ત કરવામાં આવશે નહીં.

25.2 કાર્ડ એકાઉન્ટ પર હજી ચાર્જ ન થયેલ હોય પરંતુ અમલમાં આવેલા હોય તે ચાર્જની રકમ સહિત કાર્ડ એકાઉન્ટ પર કુલ આઉટસ્ટેન્ડિંગ, કાર્ડ મેમ્બરની કોર્પોરેટ સંસ્થાની નાદારી, દેવાળા, વિસર્જન કે બંધ કરવાના કિસ્સામાં અથવા પ્રાથમિક કાર્ડ મેમ્બરની મૃત્યુના કિસ્સામાં બેંકને ત્વરીત અને સંપૂર્ણપણે ચૂકવવાપાત્ર બની જશે. પ્રાથમિક કાર્ડ મેમ્બરનું એસ્ટેટ કાર્ડ એકાઉન્ટ પર કોઈપણ આઉટસ્ટેન્ડિંગ સમાપ્ત કરવા માટે જવાબદાર ગણાશે અને તેમણે બેંકને આ પ્રકારના આઉટસ્ટેન્ડિંગની રીકવરી માટે બેંકની થયેલ કાનૂની ફી અને ખર્ચ સહિત દરેક ખર્ચ સામે સુરક્ષિત રાખવાના જોઈએ. આ પ્રકારની પુનઃચૂકવણી બાકી રહેવાથી, બેંક તેના પ્રવર્તમાન દરે શેડ્યૂલ ઑફ ચાર્જમાં આપેલ ફાયનાન્સ ચાર્જ અને અન્ય લાગૂ પડતા ચાર્જ લાદવાનું ચાલું રાખવાનો અધિકાર ધરાવશે.

25.3 કોઈપણ સરકારી/નિયમનકારી માળખા તરફથી સૂચનાઓ પર પણ કાર્ડ એકાઉન્ટ સ્થગિત થવાને પાત્ર છે. સરકારી/વૈધાનિક માળખાઓ તરફથી, જે પણ હોય તે રીતે, સૂચનાઓ મળવા પર કાર્ડ પરની તમામ આઉટસ્ટેન્ડિંગ રકમ તાત્કાલિક બાકી ગણવામાં આવી શકે છે, અને તમામ તત્કાળ તમામ આઉટસ્ટેન્ડિંગ ચૂકવવાની કાર્ડ મેમ્બરની જવાબદારી સામે કોઈ પક્ષપાત વગર બેંક સંબંધિત પ્રચલિત કાયદાને સુસંગત તે રકમ રીકવર કરવાનો અધિકાર ધરાવશે.

25.4 બેંક સમયે સમયે આ નિયમો અને શરતોને સંપૂર્ણપણે અથવા તેનો કોઈ હિસ્સો સુધારવાનો અને/અથવા તેમા કોઈ ઉમેરવાનો અધિકાર ધરાવે છે, જેના વિશે કાર્ડ મેમ્બરને લેખિતમાં જાણ કરવામાં આવશે. કાર્ડ એકાઉન્ટ પરનું તમામ આઉટસ્ટેન્ડિંગ ચૂકવાઈ ગયું હોય અને કાર્ડ બેંકને રદીકરણ માટે પરત કરવામાં આવ્યું હોય અથવા કોઈપણ સુધારા અમલમાં આવવાની તારીખ પહેલાં બે ટુકડામાં કાપી નાખવામાં આવ્યું હોય તે સિવાય કાર્ડ મેમ્બરને આવા સુધારા બંધનકર્તા રહેશે.

25.5 બેંક તેની સંપૂર્ણ મુનસફી અનુસાર આ નિયમો અને શરતો અંતર્ગત કાર્ડ મેમ્બર માટે ઉપલબ્ધ કોઈ નવી સેવા કે લાક્ષણિકતા ઉમેરી શકે છે અથવા કોઈપણ વર્તમાન સુવિધા કે લાક્ષણિકતા પાછી ખેંચી શકે છે.

25.6 પ્રકાશિત કરવામાં આવેલ તમામ જાણકારી છાપવાના સમયે સાચી અને સંપૂર્ણ છે. છાપ્યા બાદ થયેલા ફેરફારની જવાબદારી બેંક ધારણ કરી શકશે નહીં.

25.7 એમઆઈટીસી(મોસ્ટ ઈમ્પોર્ટન્ટ ટર્મ્સ એન્ડ કંડીશન્સ – સૌથી મહત્વપૂર્ણ નિયમો અને શરતો) માટે કાર્ડ મેમ્બરે અમારી વેબસાઈટઃ www.rblbank.com જોવી જરૂરી છે.

## 26. વિભાજન અને ચૂકવણી

26.1 વેબસાઈટ www.rblbank.com પર વિભાજન અને ચૂકવણીના નિયમો અને શરતો જુઓ.

સરળ પે(ઈઝી પે)ને વિભાજન અને ચૂકવણી(સ્પ્લીટ એન્ડ પે) તરીકે પુનઃરજૂ કરવામાં આવ્યું છે.

## 27. ઑફરો

27.1 આરબીએલ બેંક, સમયે સમયે, કાર્ડ મેમ્બરોને અધિગ્રહણના સમયે અથવા કાર્ડ બોર્ડ થઈ ગયું હોય તે બાદ વિવિધ મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ તરફથી આવતી ઑફરો જણાવી શકે છે. ગ્રાહકોને તે વાઉચર્સ દ્વારા જણાવવામાં આવશે જે કો-બ્રાન્ડેડ હોઈ શકે છે અથવા ફક્ત મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટના હોઈ શકે છે.

27.2 કાર્ડ મેમ્બરો સુધી આ ઑફરો પૂર્ણપણે હિસ્સો લેતા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ તરફથી લાવવામાં આવે છે. હિસ્સો લેતા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ માટે શરતો પીડીએફ લાગૂ પડશે. આરબીએલ બેંક કોઈ ઑફર નથી કરી રહ્યું, કોઈ વોરંટી નથી આપી રહ્યા અને આ ઑફર/વાઉચર અંતર્ગત કાર્ડ મેમ્બર દ્વારા લેવામાં આવેલ ઉત્પાદન/સેવાઓની ડિલીવરી, ગુણવત્તા, વ્યાપારીતા કે નિરંતરતાના પ્રતિનિધિ નથી.

27.3 કાર્ડ મેમ્બર આ સાથે સમજે છે કે કાર્ડ મેમ્બર દ્વારા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટને મોકલવામાં આવેલી કોઈપણ જાણકારી સંપૂર્ણપણે તેની/તેણીની મુનસફી અનુસાર રહેશે અને મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા આવી જાણકારીના ઉપયોગ કે દુરુપયોગ માટે તે/તેણી આરબીએલ બેંકને દંડપાત્ર કે જવાબદાર ઠેરવી શકશે નહીં. આ ઑફર અતંર્ગત લેવામાં આવેલ ઉત્પાદન/સેવાઓની ડિલીવરી, ગુણવત્તા, વ્યાપારીતા અથવા યોગ્યતાના સંબંધમાં કોઈપણ વિવાદના કિસ્સામાં, કાર્ડ મેમ્બર દ્વારા વાઉચર્ વિશે લેખિતમાં સીધુ જ હિસ્સો લેનાર મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ જણાવવાનું રહેશે અને આ સંબંધમાં આરબીએલ બેંક કોઈ વ્યવહાર કરશે નહીં.

27.4 આ ઑફર/વાઉચર્સ અંતર્ગત લેવામાં આવેલ ઉત્પાદન/સેવાઓના ઉપયોગ અથવા દુરુપયોગને કારણે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાર્ડ મેમ્બરને સહેવા પડેલ કોઈપણ નુકસાન અથવા ક્ષતિ માટે અથવા ભોગવવી પડેલ કોઈપણ વ્યક્તિગત ઈજા માટે આરબીએલ બેંક જવાબદાર ગણાશે નહીં.

27.5 આરબીએલ બેંક કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વગર આ ઑફરો વધારવાનો કે રદ કરવાનો અધિકાર ધરાવે છે. કોઈપણ સમયે, પૂર્વ સૂચના આપ્યા વગર તમામ નિયમો અને શરતોમાં ઉમેરો/ફેરફાર/સુધારણા/બદલાવ અથવા અલગ કરવાનો અથવા આ ઑફરને તેના જેવી જ અથવા તેના જેવી ન હોય તેવી અન્ય ઑફર સાથે, સંપૂર્ણ રીતે અથવા હિસ્સામાં બદલવાનો અથવા ઑફર સંપૂર્ણપણે પાછી ખેંચી લેવાનો અધિકાર ધરાવે છે.

27.6 આપવામાં આવેલી ઑફરના બદલે કોઈપણ સ્વરૂપે આરબીએલ બેંક કાર્ડ મેમ્બર વળતર/લાભ મેળવવાનો અધિકાર ધરાવતા નથી. ઑફરોને રોકડ માટે એક્સચેન્જ કે રીડીમ કરી શકાશે નહીં.

27.7 મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા કોઈપણ કારણોસર ઑફરની આપૂર્તિ કે પૂર્તિ કરવાના, અથવા ઑફર અંતર્ગત આપવામાં આવતા લાભ અથવા ફાયદા આપવામાં નકાર અથવા નિષ્ફળતાના કારણે અથવા અન્ય રીતે થયેલ નુકસાન અથવા ક્ષતિ અથવા ઉભા થયેલ દાવાઓ માટે કોઈપણ રીતે આરબીએલ બેંક જવાબદાર ગણાશે નહીં.

27.8 ઑફર મેળવવાના સમયે જો કાર્ડ વર્તમાનનું હોય અને સારી સ્થિતિમાં હોય તો જ ઑફર મેળવી શકાય છે.

27.9 આપવામાં આવેલી સેવાઓમાં ઉણપ અથવા અપર્યાપ્તતા માટે કોઈપણ કાર્ડ મેમ્બરને થયેલા કોઈપણ પ્રકારના નુકસાન માટે કોઈપણ રીતે બેંક જવાબદાર ગણાશે નહીં.

27.10 ઑફર સંબંધી અથવા નિયમો અને શરતો સંબંધી કોઈપણ વિવાદ મુંબઈની અદાલતના ન્યાયક્ષેત્રને આધીન રહેશે. જો કોઈ વિવાદ હોય તો લવાદી અને સમાધાન અધિનિયમ, 1996ની (આજની તારીખ સુધી સુધારેલ) જોગવાઈઓ અનુસાર તેનું નિયમન કરવામાં આવશે.

27.11 ઑફરમાં હિસ્સેદારી વૈકલ્પિક છે અને તે સંપૂર્ણપણે કાર્ડ મેમ્બરની મુનસફી પર આધારીત છે.

27.12 ઑફરને સંબંધિત તમામ મુદ્દાઓમાં, દરેક રીતે આરબીએલ બેંકનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.

27.13 ઑફર, આ નિયમો અને શરતો, અથવા તેનો કોઈ હિસ્સો, લાગૂ પડતા કાયદા અંતર્ગત નિષિદ્ધ હોય અથવા પ્રતિબંધિત હોય તો, કાયદા સાથે સુસંગતિ માટે જરૂરી સીમા સુધી ઑફર અને/અથવા નિયમો અને શરતો (જે પણ હોય)ને સુધારી શકાય છે.

27.14 ઑફરના નિયમો અને શરતો વધારાના રહેશે અને કાર્ડનું સંચાલન કરતાં કાર્ડ મેમ્બર નિયમો અને શરતોને પ્રતિસ્થાપિત/અનાદર કરનારા નહીં હોય. 26.14. ઑફરને લાગૂ પડતા કોઈપણ નિયમો અને શરતો જે ગેરકાનૂની હોય, નિષિદ્ધ હોય અથવા કોઈપણ કાયદા કે નિયમો અંતર્ગત અમલીકરણ માટે શક્ય ન હોય તો, બાકીના નિયમો અને શરતોને અમાન્ય કર્યા વગર આવા ગેરકાયદેસર, વ્યર્થ, નિષેધ અથવા અપ્રવર્તનીય હિસ્સાને બિનઅસરકારક ગણવામાં આવશે.

## 28. ક્ષતિ પૂર્તિ/બેંકરના ધારણાધિકારનો અધિકાર

28.1 આ કરારમાં આપ્યા અનુસાર, કોઈપણ કારણોસર, કાર્ડ મેમ્બર દ્વારા ક્રેડિટ કાર્ડ આઉટસ્ટેન્ડિંગ પૂર્ણ કરવામાં વિલંબ અથવા અસમર્થતા દર્શાવવામાં આવે તો, કાર્ડ મેમ્બર સ્પષ્ટપણે અને બિનશરતી રીતે બેંકને ક્ષતિપૂર્તિ માટેની અને સમયે સમયે કાર્ડ મેમ્બરના અમારી સાથે વ્યક્તિગત અને જોડાણમાં રહેલ બચત ખાતા(ઓ), ચાલુ ખાતા(ઓ), અને મુદતી થાપણ ખાતા(ઓ), અથવા કોઈપણ કારણોસર કાર્ડ મેમ્બરની ક્ષમતામાં અમારા દ્વારા ચૂકવવાપાત્ર કોઈ રકમ સહિત પરંતુ ત્યાં સુધી સીમિત ન હોય તે રીતે, બેંકને હસ્તક રહેલ કોઈપણ મિલકત અથવા સંપત્તિની સામે આઉટસ્ટેન્ડિંગને એડજસ્ટ કરવાની અધિકૃતતા આપે છે. કાયદા અનુસાર બેંકના કબજામાં રહેલ તેમની તમામ સંપત્તિઓ માટે બેંક ધારણાધિકાર ધરાવશે.

## 29. અધિત્યાગ / સહમતિ

29.1 આ કરાર અંતર્ગત અથવા અન્ય કોઈ કરાર કે દસ્તાવેજ અંતર્ગત કોઈ ડિફોલ્ટને કારણે બેંકને જમા થતા કોઈ અધિકાર, સત્તા અથવા ઉપાય અજમાવવામાં વિલંબ અથવા અજમાવવામાં ચૂક, આવા કોઈપણ હક, ફાયદા, સત્તા અથવા ઉપાયને હાનિ પહોંચાડશે નહીં, કે આવી ક્ષતિમાં તે અધિત્યાગ/ક્ષમા તરીકે અથવા ત્યાગ તરીકે ગણવામાં આવશે નહીં, કોઈ પછીની કે તેના જેવી ક્ષતિના સંબંધમાં બેંકના કોઈપણ અધિકાર, સત્તા અથવા ઉપાયમાં ક્ષતિ, પ્રભાવ અથવા હાનિ દ્વારા કોઈ ક્ષતિ કે કોઈ ત્યાગના સંબંધમાં બેંકની ક્રિયા અથવા અક્રિયા અધિત્યાગ/ક્ષમા ગણવામાં આવશે નહીં.

## 30. લવાદ

30.1 ડિફોલ્ટ થવાના સંજોગોમાં બેંક સમયાંતરે સુધારવામાં આવેલા લવાદ અને સમાધાન અધિનિયમ, 1996ની જોગવાઇઓ અંતર્ગત બેંકના નિર્ધારિત અધિકારી દ્વારા નિમાયેલા એકમાત્ર લવાદ સમક્ષ વિવાદ મોકલીને રકમની વસૂલાત કરી શકે છે. લવાદની બેઠક, ભારતના દિલ્હી શહેરમાં રહેશે. લવાદની કાર્યવાહીની ભાષા અંગ્રેજીમાં રહેશે.

## 31. ન્યાયક્ષેત્ર અને સંચાલન કાયદો

31.1 આ કાર્ડ મેમ્બર એગ્રીમેન્ટમાંથી ઉદભવતા અને/અથવા તેને સંબંધિત કોઈપણ વિવાદ દિલ્હી, ભારતના વિશિષ્ટ ન્યાયક્ષેત્રની સક્ષમ અદાલતોને આધીન છે. આ, તેમ છતાં, આરબીએલ બેંકના અન્ય કોઈ સક્ષમ ન્યાયક્ષેત્રની અદાલતમાં કાર્યવાહી ફાઈલ કરવાના/લઈ જવાના બેંકના અધિકારને સીમિત કરતું નથી.

31.2 આ એગ્રીમેન્ટ ભારતના કાયદાઓ દ્વારા સંચાલિત છે.

## 32. નોન-રેસિડેન્ટ ક્રેડિટ કાર્ડ ચૂકવણી (બિન-નિવાસી ક્રેડિટ કાર્ડ ચૂકવણી)

32.1 જો કાર્ડ સભ્ય કોઈ બિન-નિવાસી ભારતીય (એનઆરઆઈ) દરજ્જો ધરાવનારા છે તો તેણે સુનિશ્ચિત કરવું પડે કે તેના ક્રેડિટ કાર્ડ એકાઉન્ટ પરત્વે કરાતા સઘળા પેમેન્ટ આવશ્યક રીતે તેમના જ બિન-નિવાસી બેન્કિંગ ખાતામાંથી કરાઈ રહ્યાં છે.

32.2 નોકરી માટે અથવા ઈમિગ્રેશન માટે વિદેશ જતા નિવાસી કાર્ડ મેમ્બરે માટે તેમની નિવાસી સ્થિતિમાં થયેલ બદલાવ વિશે બેંકને અચૂક જાણ કરવી જરૂરી છે અને તેમના ક્રેડિટ કાર્ડને બંધ કરવા માટે અરજી કરવી જરૂરી છે. જો ઘરની સ્થિતિમાં બદલાવ બાદ કાર્ડ મેમ્બર દ્વારા ક્રેડિટ કાર્ડના બાકી દેવા સામે કોઈ ચૂકવણી કરવાની હોય તો, તેમણે કાર્ડ પર બાકી રહેલ તમામ ચૂકવણી ઈનવર્ડ રેમીટન્સમાં/નોન રેસિડેન્ટ બેંક ખાતા (એનઆરઈ/એનઆરઓ/એફસીએનઆર ખાતા) દ્વારા કરવાની રહેશે. આરબીઆઈ દ્વારા સમયે સમયે સૂચિત કરવામાં આવતા પ્રવર્તમાન એક્સચેન્જ દર મુજબ આવા ઉપાડને તેના ભારતીય રૂપિયાની સમકક્ષ તબદિલ કરવા માટે કાર્ડ મેમ્બર મંજૂર કરે છે અને આ સાથે બેંકને અધિકૃત કરે છે. તેના/તેણીના ઘરની સ્થિતિમાં બદલાવ વિશે બેંકની જાણ કરવાની જવાબદારી કાર્ડ મેમ્બરની છે.

32.3 બિન-નિવાસી કાર્ડધારક સ્વીકારે છે અને મંજૂરી કરે છે કે તે કાર્ડ મેમ્બરના બચત ખાતા અથવા અન્ય કોઈ બિન-એનઆરઆઈ બેંકિંગ ખાતામાંથી રોકડ, ચેક અથવા ફંડ ટ્રાન્સફર દ્વારા કોઈ વૈકલ્પિક ચૂકવણી કરશે નહીં. જો ગ્રાહક ઉપર જણાવ્યા અનુસારની જરૂરીયાતોનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો, બેંક તે અસરની કોઈ પૂર્વ સૂચના વગર ત્વરીત કાર્ડને બ્લોક અથવા બંધ કરવાનો સંપૂર્ણ અધિકાર ધરાવે છે.

32.4 કૃપા કરીને નોંધો કે પ્રવર્તમાન આરબીઆઈ નિયમો અનુસાર, આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડ પર આંતરરાષ્ટ્રીય ચાર્જની પતાવટ માટે એનઆરઓ ખાતામાંથી ડેબિટ, એનઆરઓ ખાતાના બેલેન્સ પર પ્રત્યાર્પણ પર નીચેના પ્રતિબંધોને આધીન છે. બિન-નિવાસી ભારતીય(એનઆરઆઈ) અથવા ભારતીય મૂળની વ્યક્તિ(પીઆઈઓ), ભારતમાં લાગૂ પડતાં કર, જો કોઈ હોય તો, તેની ચૂકવણીને આધીન, તમામ પ્રામાણિક હેતુઓ માટે તેમના નોન-રેસિડેન્ટ(સામાન્ય) રૂપી (એનઆરઓ) ખાતામાં રહેલ બેલેન્સમાંથી પ્રત્યેક નાણાંકીય વર્ષદીઠ, એક મિલીયન યુએસડી સુધીની રકમ ઉપાડી શકે છે.

32.5 આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ ધરાવતા વિદેશી નાગરીક અથવા પ્રવાસીઓ ખાતરી કરશે કે ભારતમાં રહેવા માટેના માન્ય વિઝા (કમસે કમ છ(6) મહિનાની માન્યતા સાથે) બેંકને આપવામાં આવ્યા છે. માન્ય વિઝાની ગેરહાજરીમાં, બેંક પાસે ક્રેડિટ કાર્ડ બ્લોક/રદ કે બંધ કરવાનો અધિકાર છે.

## 33. સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડની શરતો

33.1 “સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ” એટલે આરબીએલ બેંક દ્વારા બેંક ખાતે કાર્ડધારક દ્વારા જાળવવામાં આવતી બાંધી થાપણ સામે કાર્ડધારકને ફાળવવામાં આવતું આરબીએલ બેંક ક્રેડિટ કાર્ડ.

33.2 સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ મેળવવા માટે પાત્રતા મેળવવા માટે, કાર્ડધારકે આરબીએલ બેંક સાથે લઘુતમ રૂા. 1,00,000/- ની અથવા બેંકની આંતરીક નીતિઓ દ્વારા નક્કી કરેલ રકમની બાંધી થાપણ જાળવવી/મૂકવી જરૂરી રહેશે.

33.3 સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ પર ક્રેડિટ મર્યાદા બાંધી થાપણની રકમના નેવું ટકા (90%) સુધી રહેશે. કથિત ક્રેડિટ મર્યાદા સમયે સમયે આરબીએલ બેંકની મુનસફી અનુસાર બદલાવને પાત્ર છે અને આરબીએલ બેંકને યોગ્ય લાગે તે માધ્યમથી અને તે ઢબે કાર્ડધારકને જણાવવામાં આવશે.

33.4 કાર્ડધારકે નિર્ધારીત કરેલ ઢબે અને સમયે સમયે આરબીએલ બેંક દ્વારા નિર્ધારીત સંબંધિત દસ્તાવેજોના અમલીકરણ દ્વારા જ બાંધી થાપણ કરવાની રહેશે. કાર્ડધારકે તેમની બાંધી થાપણ ફક્ત આરબીએલ બેંકની શાખા ખાતે અથવા સમયે સમયે આરબીએલ બેંકની મુનસફી અનુસાર બેંક દ્વારા નક્કી કરાયેલ અને જણાવેલ અન્ય વૈકલ્પિક ચેનલ ખાતે જ મૂકવાની રહેશે.

33.5 ખોલાવવામાં આવેલ બાંધી થાપણો ફક્ત ઑટો રીન્યૂઅલ મોડમાં જ ખોલાવવામાં આવશે. કાર્ડધારક/આરબીએલ બેંક દ્વારા કાર્ડ રદ થવાના કિસ્સામાં, સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ સાથે લિંક થયેલ બાંધી થાપણ, થાપણ મૂકવાના સમયે કાર્ડધારક દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ અનુસાર ચાલુ રહેશે.

33.6 સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડની ફાળવણી પર, સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડની સમાપ્તિ સુધી, અથવા બાંધી થાપણની મેચ્યોરીટી સુધી જે પણ હોય તે રીતે કાર્ડધારક દ્વારા કમાવેલ વ્યાજ સહિત તેમના દ્વારા મૂકવામાં આવેલ બાંધી થાપણની પૂરી રકમ પરઆરબીએલ બેંક દ્વારા ધારણાધિકાર મૂકવામાં આવશે.

33.7 અરજદાર પાસે આરબીએલ બેંક સાથે પ્રવર્તમાન બાંધી થાપણ હોવાના કિસ્સામાં, બાંધી થાપણ કાર્ડધારકના સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ ખાતા સાથે લિંક કરવામાં આવશે અને તાત્કાલિક અસરથી તે બાંધી થાપણને ઑટો-રીન્યૂઅલ મોડમાં તબદિલ કરવામાં આવશે. બાંધી થાપણના ઑટો-રીન્યૂઅલ સમયે લાગૂ પડતાં પ્રવર્તમાન વ્યાજ દર કથિત બાંધી થાપણની રકમને લાગૂ પડશે.

33.8 સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ સાથે લિંક થયેલ બાંધી થાપણ પરથી કાર્ડધારક(ધારકો) અંશતઃ ઉપાડ કરી શકશે નહીં.

33.9 એચયુએફ, ભાગીદારી પેઢી, સગીરો દ્વારા ખોલાયેલી/મૂકાયેલી અથવા અરજદાર(અરજદારો) દ્વારા સંયુક્ત રીતે ખોલેલી બાંધી થાપણો સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડનો અધિકાર ધરાવશે નહીં. એક વ્યક્તિના નામે રહેલ બાંધી થાપણો જ સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ માટે માન્ય છે.

33.10 બાંધી થાપણ સુવિધા માટે નોમિનેશન સુવિધાઓ ઉપલબ્ધ રહેશે.

33.11 બાંધી થાપણ અથવા સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડની સમાપ્તિ/પાછા ખેંચાણ/રદીકરણના કિસ્સામાં અથવા જો કાર્ડ મેમ્બર બાકી તારીખથી 60 દિવસની અંદર સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ પર આઉટસ્ટેન્ડિંગ રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય અથવા આરબીએલ બેંક દ્વારા શરતો અનુસાર લાદવામાં આવતી કોઈ ફી, ચાર્જ અથવા અન્ય કોઈ રકમ સહિત સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ પર આઉટસ્ટેન્ડિંગ રકમ કોઈપણ સમયે બાંધી થાપણની રકમના 95% થી વધુ હોય તો, આરબીએલ બેંક પાસે એકત્ર થયેલ વ્યાજ સહિત બાંધી થાપણની સમગ્ર રકમ લિક્વિડેટ કરવાનો અને સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ અંતર્ગત આરબીએલ બેંકને ચૂકવવાપાત્ર બાકી રકમ સાથે આવી રકમની ક્ષતિપૂર્તિ કરવાનો અધિકાર ધરાવે છે. ઉપરોક્ત ઉલ્લેખિત કપાત બાદ બાકી રહેલ કોઈ બેલેન્સ કાર્ડધારકને પરત કરવામાં આવશે.

33.12 ફિક્સ્ડ ડિપોઝીટ પર ધારણાધિકાર માર્ક કર્યા બાદ સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ સક્રિય કરવામાં આવશે.

33.13 કોઈપણ સમયે કાર્ડધારકને ફક્ત એક સિક્યોર્ડ ક્રેડિટ કાર્ડ ફાળવી શકાય છે.

## 34. વાર્ષિક ફી પરિવર્તન

34.1 પ્રથમ બિલ જનરેશનની તારીખથી 12 મહિના ગણતરી માટેના વર્ષ તરીકે નક્કી કરવામાં આવે છે.

34.2 મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા જમા કરાવવામાં આવેલ લેવડદેવડની તારીખના આધારે ખર્ચની ગણતરી કરવામાં આવશે.

34.3 મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા લેવડદેવડ થયું હોય તેની વાસ્તવિક તારીખથઈ અલગ લેવડદેવડ તારીખ જમા કરાવવામાં આવે તો આરબીએલ બેંક જવાબદાર ગણવામાં આવશે નહીં.

34.4 ક્રેડિટ કાર્ડ પર લોન, ડાયલ એન ઈએમઆઈ, બેલેન્સ રૂપાંતરણ અને બેલેન્સ ટ્રાન્સફર પ્રોગ્રામ, રોકડ ઉપાડ, ફી. ચાર્જ અને સર્વિસ ટેક્સના સંબંધમાં તમામ ઈએમઆઈ ક્વોલિફાઈંગ પરચેઝ વેલ્યૂમાંથી બાકાત ગણવામાં આવશે.

34.5 ખરીદી મૂલ્ય ગણતરી માટે પાત્રતા માટે કોઈ વિવાદિત લેવડદેવડ ગણતરીમાં લેવામાં આવશે નહીં. ખરીદી મૂલ્ય ગણતરીમાં પાત્રતામાં મર્ચન્ટ તરફથી આપવામાં આવેલ રીફંડને નકારાત્મક ગણવામાં આવશે.

## ત્રીજા પક્ષનો ઑફરો માટે ડિસ્ક્લેઈમરઃ

પાર્ટનર સહિ ત્રીજા પક્ષ દ્વારા આપવામાં આવનાર કોઈપણ ઑફર/ઉત્પાદન/સેવાઓના સંબંધિમાં આરબીએલ બેંક દ્વારા કોઈ બાંયધરી આપવામાં આવતી નથી કે કોઈ રજૂઆત કરવામાં આવતી નથી. ત્રીજા પક્ષ વેબસાઈટ પાસેથી લેવામાં આવેલ ઉત્પાદન અને સેવાઓ સંબંધિત કોઈપણ પૂછપરછ, ફરિયાદો, મુદ્દાઓ અને/અથવા પ્રતિભાવ માટે કાર્ડ મેમ્બર સીધો જ ત્રીજા પક્ષ સાથે સંપર્ક કરી શકે છે. લાભ/સેવાઓ અન્ય પ્લેટફોર્મ્સ પર પણ ઉપલબ્ધ હોઈ શકે છે. આવા લાભ/સેવાઓ મેળવવા માટે ગ્રાહકની હિસ્સેદારી સંપૂર્ણપણે સ્વૈચ્છિક છે.

**ઉત્પાદન લાભ**

ઉત્પાદનલક્ષી લાભ અને સંબંધિત નિયમો અને શરતો માટે ક્રેડિટ કાર્ડ વિભાગ અંતર્ગત જુઓ www.rblbank.com

**ઉત્પાદનલક્ષી નિયમો અને શરતોઃ**

ઉત્પાદનલક્ષી નિયમો અને શરતો માટે, નીચે દર્શાવેલ લિંક જુઓ.

| કાર્ડ | ઉત્પાદન-લક્ષી નિયમો અને શરતો લિંગ |
|---|---|
| આઇકન | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| વર્લ્ડ સફારી | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પ્લેટિનમ મેક્સિમા | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પ્લેટિનમ મેક્સિમા પ્લસ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પોપકોર્ન | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| મૂવીઝ અને વધુ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પ્લેટિનમ ડિલાઈટ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| ટાઇટેનિયમ ડિલાઇટ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| ફૂકીઝ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| મંથલી ટ્રીટ્સ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પૈસાબાઝાર ડ્યૂએટ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પૈસા બાઝાર ડ્યૂએટ પ્લસ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પ્લે | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| શોપરાઇટ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| મનીટેપ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| વીકાર્ડ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| સેવમેક્સ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| સેવમેક્સ પ્રો | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| મનીટેપ બ્લેક | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| લેઝીપે | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| આઈગ્લોબ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| પાર્ક+ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| રીંગ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| ડીએમઆઈ ફાયનાન્સ | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |
| ઈન્સીગ્નીયા | અહીં ક્લીક કરો નિયમો અને શરતો જોવા માટે |

CC/CMA/04/03/2024

www.rblbank.com

**આરબીએલ બેંક લિમિટેડ**
કાર્ડ સંચાલક સેન્ટર: યુનિટ 306– 311, 3જો માળ, જેએમડી મેગાપોલિસ, સોહ્ના રોડ, સેક્ટર-48,- 122 018, હરિયાણા.
રજીસ્ટર્ડ ઑફિસઃ પહેલી ગલી, શાહુપુરી, કોલ્હાપુર – 416 001, ભારત. સીઆઇએન: L65191PN1943PLC007308